પ્રકરણ : 3

ભારતીય આદિવાસી નવલકથાઓ

ભારતીય આદિવાસી બોલી, પહેરવેશ, રીતરિવાજ, લાક્ષણિકતાઓ, પ્રાકૃતિક ધર્મ, અંધશ્રદ્ધા, વહેમ, વસ્ત્રો-પરિધાન, હાટ-મેળાવડાઓ, લગ્નપ્રથા, સામાજિક વ્યવસ્થા, આર્થિકતાના પ્રશ્નો, આદિવાસી સમાજનું આંતરિક-બાહ્ય પાસું વગેરેનું સહજ આલેખન જે કૃતિમાં આવે તે આદિવાસી સાહિત્ય. ભારતીય આદિવાસી સાહિત્યનો આ પ્રવાહ સૌપ્રથમ કથાસાહિત્યના સ્વરૂપમાં જન્મ્યો છે. આ કથાસ્વરૂપોમાં પણ નવલકથા સ્વરૂપમાં તે વધુ પ્રાપ્ત થાય છે. અહીં અભ્યાસમાં લીધેલી કૃતિઓ પરથી ભારતીય આદિવાસી સાહિત્ય પ્રવાહ કથનાત્મક સાહિત્યમાં કેવો ઊતરી આવ્યો છે તે જણાય છે.

પ્રકરણ : ૩.૧

'આરણ્યક'

(૧૯૬૧)

- બિભૂતિભૂષણ બંદોપાધ્યાય

પ્રસ્તાવના:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે મારા સંશોધનના વિષયમાં 'આરણ્યક' નવલકથાનો અભ્યાસ કરવાનો નિર્ણય કર્યો છે. 'આરણ્યક' નવલકથા સર્જન કરનાર પ્રકૃતિપ્રેમી અને કુદરતના રંગે રંગાયેલા એવા વિભૂતિભૂષણ બંદોપાધ્યાયે એને નવું રૂપ આપ્યું છે અને ચંદ્રકાન્ત મહેતાએ એનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા આ નવલકથાનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ નવલકથાની પ્રથમ આવૃત્તિ 1961માં પ્રકટ કરવામાં આવી હતી. આ નવલકથા આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે તથા કુદરતના અંગો, રંગો, તત્વો વડે રંગાયેલી છે. આ નવલકથામાં આદિવાસી સંસ્કૃતિ ક્યાં છુપાયેલી છે તેની ઓળખ આપણે આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે મેળવીએ.

૧. કથાસાર:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે મારા સંશોધનના વિષયમાં ગુજરાતી અને અન્ય ભારતીય ભાષાઓની પસંદ કરેલી કૃતિઓમાં 'આરણ્યક' જે મૂળ બંગાળી ભાષાની નવલકથા છે અને એનો કથાસાર નીચે મુજબ છે:

શ્રી બિભૂતિભૂષણ બંદોપાધ્યાયની 'આરણ્યક' એ બંગાળી તેમજ ભારતીય સાહિત્યની એક મહાન કૃતિ છે. એ અરણ્યની ગદ્યકવિતા છે. અત્યાર સુધી આલેખાયેલી નહિ એવી અરણ્યની પશ્ચાદભૂમિકામાં કે જે ભૂમિકાનો માનવની વધતી જતી વસતીને વસાવવા માટે નાશ કરવામાં આવે છે. કર્તાએ અરણ્યની અને આદિવાસી ગામડાંની ભૂમિકામાં સહાનુભૂતિપૂર્વક અને પ્રતીતિકર રીતે માનવનું અને એની આસપાસના વાતાવરણનું મનોરમ ચિત્ર આલેખ્યું છે. આ રીતે પ્રત્યક્ષ અનુભવ અને સહાનુભૂતિને રંગે રંગાયેલું માનવ અને પ્રકૃતિનું અત્યંત આકર્ષક ચિત્ર આલેખતું આ કાવ્ય છે.

શ્રી વિભૂતિભૂષણ બંદોપાધ્યાય બંગાળી સાહિત્યમાં બંગાળની પછાત કોમોનું ગ્રામજીવન, જે કુદરતના વાતાવરણમાં એની સઘળી વિવિધતા તથા સુંદરતાથી

મનોહર છે, તેના આલેખન માટે પ્રસિદ્ધ છે. આજની દુનિયામાં કુદરતપ્રેમ સારા પ્રમાણમાં દૃષ્ટિએ પડે છે, કારણ કે પ્રકૃતિમાતાના અંગપ્રત્યંગ પર આપણી પ્રગતિશીલ સંસ્કૃતિ ડગલે ને પગલે આક્રમણ કરે છે અને આપણે, વૃક્ષો ને જંગલો જોડેનો, ડુંગરો અને ખુલ્લાં ખેતરો જોડેનો, અને રમ્ય ઝરણાંનો જીવંત સંપર્ક પ્રતિદિન ગુમાવતા જઈએ છીએ. મોટાં શહેરોના ગૂંગળાવતા વાતાવરણમાંથી ભાગી છૂટવાની આપણી વૃત્તિ આપણને કુદરત તરફ આકર્ષે છે. આધુનિક માનવની આ માનસિક વૃત્તિ સહેજે સમજી શકાય એવી છે.

પરંતુ, આ ઉપરાંત શ્રી વિભૂતિભૂષણના લખાણમાં એવું કંઈક છે કે જે આપણા અંતરના ઊંડાણને સ્પર્શે છે ને આપણને જાગૃત કરે છે. આપણા પોતાના અંતરમાં રહેલી પ્રકૃતિભાવનાનું આપણને તીવ્ર ભાન કરાવે છે. એ કેવળ વૃક્ષો અને વેલીઓના, પુષ્પોના અને ફળોના, મૂળિયાંના અને છોડના, તેમ જ અરણ્યજીવનના પ્રેમી જ નથી, પરંતુ એ સર્વ તત્વોના તેઓ દૃષ્ટા પણ છે. એઓ કાંઈ એ સર્વ તત્વોને વનસ્પતિવિદ્‌ની જેમ કાતરથી કટકા કરીને, કે સૂક્ષ્મદર્શક કાચથી જોતા નથી, પરંતુ વ્યવહારવિદ્દ માનવની દૃષ્ટિથી જુએ છે. એમને માટે પાંદડાંઓ અને ડાંળખીઓ, પુષ્પો અને ફળો, વૃક્ષો અને છોડ એ સર્વે સંદેશો આપનારાં તત્વો છે અને પ્રત્યેકનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. પોતાનું એવું અભિધાન છે.

અરણ્ય અને વૃક્ષો માટેનો એમનો ઉત્સાહ ચેપી છે. એમની આ મહાન કૃતિના વાંચન પછી વાચકો, એની અનુકરણીય પ્રાકૃતિક ભૂમિકાના ભ્રમણથી ઉત્સાહસભર બની જાય છે.

આ કથામાં વાર્તાતત્વ અથવા કથન બહુ થોડું છે. એક ઉચ્ચ સંસ્કારી બંગાળી 'ગ્રેજ્યુએટ' કે જે શાળામાં શિક્ષક હતો, પછી નોકરી જતાં કલકત્તામાં એક પછી એક કડવા અનુભવો મેળવતો હતો, તેના અરણ્યના અનુભવોની કહાણી છે. સારે નસીબે એને એનો કોલેજનો મિત્ર અકસ્માત મળી જાય છે. એ મિત્રને એની સાહિત્યિક શક્તિ માટે આદર હતો. એ મિત્રનાં મોટાં જંગલો હતાં અને એ જંગલો કાપીને ત્યાં ખેડૂતોને વસાવવાનો યા તો ઢોરોને ચરાવવાનો એનો ઇજારો હતો. એના પ્રતિનિધિ તરીકે એ જંગલોમાં જાય છે. આ કથાનો નાયક જે પોતાના અનુભવો આ કથામાં નિરૂપે છે તે બંગાળાની સરહદ પરના ઉત્તર બિહારના ગાઢા જંગલ વિસ્તારમાં જઈ પહોંચે છે ત્યાં ગણોતિયાને વસાવીને, જંગલ બાળીને કે તેનો વિનાશ કરીને, જમીનને ખેડવા યોગ્ય બનાવે છે અને ડુંગરની તળેટીની જમીનને ચરાણ માટે આપે છે અને જંગલના ઉત્પાદનની દૂર દૂરનાં શહેરોમાં નિકાસ કરે છે. આ રીતે જે જંગલો તરફ એને અનહદ પ્રેમ ઉત્પન્ન થાય છે. તે જ જંગલના વિનાશ માટે કારણભૂત બને છે.

આ માટે પાયા પરના વિનાશને લીધે જન્મતી કરુણતામાં રહસ્ય રહેલું છે. જેનો અનુભવ આપણે પણ લેખકની સાથે કરીએ છીએ. આ કૃતિમાં અસ્પર્શ્ય એવાં જંગલનાં વિસ્મયજનક શબ્દચિત્રો આપીને એની સુંદરતા અને એનો વૈભવ, એની ભવ્યતા ને સુકુમારતા, એની ભયાનકતાને, ગૂઢતાને લેખક પ્રત્યક્ષ કરાવે છે. દૂર કલકત્તામાં રહેલા જંગલોના માલિકના પ્રતિનિધિ તરીકે એની પાસે જે જમીનભૂખ્યાં માનવીઓ આવે છે. તેઓ અત્યંત ગરીબ છે તેમ જ વિનમ્ર છે. આમ છતાં, આવી ગરીબી વચ્ચે એ લોકોએ પોતાની એવી જીવનફિલસૂફી ઘડી છે, કે જેથી દુ:ખ અને ભયાનક ગરીબી અને બાહ્યદૃષ્ટિએ આપણને જે નિરાશામય આર્થિક પરિસ્થિતિ લાગે છે. તેને પણ પોતાની કોઈ અગમ્ય શક્તિથી સહ્ય બનાવી દીધી છે. એની આસપાસ જે જાતજાતનાં પાત્રો ભેગાં થાય છે. પછી તે નવાં માણસોને જંગલમાં વસાવવા માટે મદદ કરનારાં જમીનદારનાં નોકરિયાત માણસો હોય, અથવા તો એ જગ્યામાં વસવા માટે આવનારા નવા ગણોતિયાઓ હોય અથવા તો અરણ્યમાં વસવાટ કરનારાંઓને પરોક્ષ રીતે મદદ કરનારાં જુદા જુદા ધંધાના માણસો હોય તે સર્વે સૂક્ષ્મદૃષ્ટિથી અને માનવના માનવ પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને જીવંત સ્વરૂપે આલેખાયાં છે.

આ કૃતિમાં ક્રમેક્રમે આપણી સમક્ષ જે જે પાત્ર આવતું જાય છે તે પ્રત્યેક પાત્ર જીવંત વ્યક્તિ છે. વળી એ પાત્રો શહેરથી ખૂબ દૂર હોવાને લીધે એમનામાં આદિકાળના માનવીની પ્રામાણિકતા અને સરળતા છે. ગામડાંમાં અને અરણ્યની મધ્યમાં અથવા અરણ્યની સરહદ પર રહેતાં માનવીઓનાં એ સાચાં પ્રતિનિધિ છે. તુલસીદાસનું 'રામાયણ' વાંચવામાં જ જીવનનો સર્વ આનંદ સમાયેલો છે, એવો સરળ વૃદ્ધ બ્રાહ્મણ રાજુ પાંડે; નૃત્યકળામાં પ્રવીણ એવો સાચો કલાકાર બાળક ધાતુરિયા; અત્યંત કરુણ અને દુ:ખદ પરિસ્થિતિમાં અસાધારણ હિંમત દર્શાવનાર અને સાચી સેવાવૃત્તિ રાખનાર વિધવા કુન્તા; સાચો વનસ્પતિશાસ્ત્રી અને સાચી સુંદર પુષ્પો તથા અવનવા છોડવાનો રસિયો જુગતપ્રસાદ પરિસ્થિતિને લીધે ખેડૂતની છોકરી જેવી બની ગયેલી ને ગરીબીને લીધે જીવનનો ઢસરડો ઢસરતી અને ઉજ્જવળ ભાવિની બધી આશા જેની નાશ પામી છે. એવી બંગાળી ડૉક્ટરની અનાથ બાલિકા; પ્રાથમિક શાળા ખોલવાની આશાથી પ્રત્યેક નવા વસવાટમાં એક સ્થાનેથી બીજે સ્થાને ભમતો શિક્ષક ગનોરી તિવારી; વ્યાકરણશુદ્ધ અને આકર્ષક હિંદી લખવા માટે સ્થાનિક હિંદી અખબારે જેને પ્રમાણપત્ર આપ્યું હતું, એવો બિહારનો ગામડાંનો કવિ, એની સરળતા, અને એની સુંદર તેમજ સરળ પત્ની; લોકો જેનાથી હમેશાં બીતા અને જેની આસપાસ કશુ આકર્ષણ નહોતું એવો

વ્યાજનો ધંધો કરતો ત્યાંનો જુલમગાર સિપાઈ મુનાવરસિંહ; સંસ્કૃત પાઠશાળા ખોલીને થોડાં વિદ્યાર્થીઓને શીખવવા માટે ઉત્સાહી એવા મુક્તનાથ પંડિત; જેનામાં સાચું રાજાશાહી ગૌરવ હતું, એવો આદિવાસી રાજા દોબરૂ પાન્ના; એની પ્રપૌત્રી યૌવના ભાનુમતી કે જેનું ચિત્રણ લેખકે સહાનુભૂતિથી અને કુમાશથી કર્યું છે અને જેની આસપાસ મધુર રોમાંચક વાતાવરણ ઊભું કરીને એનો વિચાર કરતાંની સાથે વાચકના હ્રદયમાં એક જાતની દુ:ખદ સંવેદના ઊભી કરે છે. એ સર્વે પાત્રો એ જીવંત ચિત્રોની હારમાળા ને જે વાતાવરણમાં એ સેવે છે તે વૃક્ષો, પાંદડાં, પુષ્પો અને ઝરણાં, તરણાં અને નીલ આકાશ જેટલી જ વાસ્તવિક અને સત્યમય છે.

ભારતીય સાહિત્યની પ્રણાલી પ્રાચીનકાળથી ચાલી આવે છે અને એ પ્રણાલી અનુસાર વેદકાળથી માંડીને આસપાસના જગતનું રહસ્ય અમુક રીતે સમજાવવાનો પ્રયત્ન થયો છે. ઋગ્વેદના દશમા મંડળના દેવમુનિએ રચેલ 146માં સૂક્તમાં આરણ્યની એટલે કે વનદેવતાને સંબોધીને સ્તુતિ કરી છે, તેની જોડે વિભૂતિભૂષણનું આરણ્યક બરોબર બંધબેસતું છે. એમાં વેદકાળના પુરાણા ગામનું ચિત્ર છે. એ ગામડું આરણ્યની પડખે જ છે. એમાં પક્ષીઓના કિલકિલાટનું અને વૃક્ષોની છાયાનું આલેખન છે. એમાં કુહાડાના ઘાથી પડી જતાં વૃક્ષોનું ચિત્ર છે અને આરણ્યના સૌંદર્યનું અદ્દ્ભૂત તત્વનું જે નિરૂપણ છે, તેના પડઘા આપણને શ્રી

વિભૂતિભૂષણની આ 'આરણ્યક' નવલકથામાં સંભળાય છે. વેદકાળનાં કવિ એની પ્રાર્થનાને અંતે કહે છે :

અંજનગંધિ સુરભિમ્ બહ્વન્નાભ અકૃષિવલાભ |

પ્ર અહમ્ મૃગાણામ્ માતરમ્ અરણ્યાની અંશસિષમ્ ||

ભારતીય માનવી આદિકાળથી જે અરણ્યના વાતાવરણમાં હતો એ વાતાવરણ પ્રત્યે એના હ્રદયમાં અપરંપાર પ્રેમ જનમ્યો. વેદમાં એનાં અનેક દૃષ્ટાંતો મળે છે. અથર્વવેદના પૃથ્વી સૂક્તમાં તો પદે પદે અરણ્ય, જમીન અને નદીકાંઠાની જમની દ્વારા આપણને જે આપે છે તે પૃથ્વી - વસુંધરાનો પ્રેમ દૃષ્ટિએ પડે છે. 'મહાભારત'માં તો મોટે ભાગે અરણ્યની જ પાર્શ્વભૂમિકા રહેલી છે. 'રામાયણ' પણ પ્રાચીનકાળના વીર પુરુષોનું અને અસ્પૃષ્ટ એવા અરણ્યનું મહાકાવ્ય છે. બાણભટ્ટના 'હર્ષચરિત'માં સાતમાં ઉલ્લાસને અન્તે ભારતીય સાહિત્યના એ મહાન શબ્દચિત્રકારે મધ્યભારતના વિંધ્ય પર્વત આગળ આવેલા વનગ્રામનું ચિત્રાત્મક દૃશ્ય ખડું કર્યું છે. સાતમી સદીના ઉત્તર હિન્દના એ સાહિત્ય સ્વામીના સુંદર વર્ણનની સાથે સાથે વીસમી સદીના આ બંગાળી લેખકની કૃતિ વાંચવાથી કોઈ અનેરો આનંદ આવે છે.

પ્રકૃતિ અને તેનું ભારતીય સાહિત્યમાં સ્થાન, એ જે માનવીને એની ધરતીમાતા જે વાતાવરણમાં મૂકે છે તે કુદરતી વાતાવરણની એની પર શી અસર થાય છે તેનો અભ્યાસ કરનારા માટે અત્યંત રસિક વિષય છે. એમ લાગે છે કે દુનિયાના બીજા પ્રદેશોના માનવી કરતાં ભારતના માનવીને કુદરત જોડે વધુ ઘનિષ્ઠ સંબંધ છે. આ વાતની પ્રતીતિ હિન્દની કલા અને સાહિત્યના અભ્યાસીને બહુ સહેલાઈથી થાય છે. હિન્દની સરખામણીમાં એના પાડોશી રાષ્ટ્ર ચીને ઘણા કાળથી કુદરતથી અલિપ્ત અને માનવ કુદરતથી ઉચ્ચ હોય એવી અર્વાચીન માનવના જેવી વૃત્તિ કેળવી છે. શહેરના માનવીના આવાસથી જંગલને જુદાં પાડવાને લીધે અને માનવીની અંતરદૃષ્ટિ ખીલવાને લીધે, અર્વાચીન માનવીની આ દૃષ્ટિ સાર્વત્રિક બની ગઈ છે. વિભૂતિભૂષણની આ નવલકથા ‘આરણ્યક’ આ બન્ને વૃત્તિનો સમન્વય સાધવા પ્રયત્ન કરે છે. એ કુદરતથી જ રંગાયેલા હોવા છતાં, એ પોતાની જાતને કુદરતથી અલિપ્ત રાખી શક્યા છે અને પ્રકૃતિનું સૌન્દર્ય, એની ભવ્યતા એનું સર્વતોમુખી સ્વરૂપ એ સર્વ પર ચિંતન કરતા હોવા છતાં એનાથી અળગા રહી શક્યા છે. એમનું કુદરત પ્રત્યેનું વલણ દુ:ખને શોકજનક છે, કારણ કે માણસની સર્વતોભક્ષી જરૂરિયાતના એને ભોગ થવું પડે છે. જ્યાં પુરાણાં અરણ્યોનું સર્વોપરી સામ્રાજ્ય વિસ્તરતું હતું, ત્યાં માનવીઓનો વસવાટ કરાવવાનું

પોતાનું કાર્ય ખતમ કરીને એ પાછો ફરે છે, ત્યારે એની વિચારણા આ પ્રમાણે ચાલે છે.

“નૌરા બોઈહારની સરહદ પરથી પસાર થતાં, મે મુખ ઊંચું કર્યું અને પાછું ફરીને એ દૃશ્ય જોયું.

ત્યાં ઘણાં નવાં છાપરાં હતાં, અને ઘાસથી છવાયેલાં ઘરો હતાં. ત્યાં માનવીઓ વાતો કરતાં હતાં, છોકરાંઓ ખિલખિલાટ હસતાં હતાં ને બૂમબરાડા કરતાં હતાં, ત્યાં ગાય-ભેંસ અને અનાજના છોડવાઓ હતા. છેલ્લાં છ-સાત વર્ષમાં ગાઢા જંગલને સાફ કરીને મેં જ આ હાસ્ય, વાર્તાલાપ અને અનાજથી ભરેલાં ખેતરો અહીં ઉપજાવ્યાં હતાં, બધા ગઈ કાલે જ વાતો કરતા હતા; બાબુજી ! તમારી કામગીરી જોઈને અમે બધા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા છીએ. આ નારહા લવટૂલિયા કેવું હતું અને આજે એમાં કેવું પરિવર્તન થઈ ગયું છે.

હું પણ એ જ વિચાર કરી રહ્યો છું કે નારહા લવટૂલિયા કેવું હતું અને આજે કેવું થઈ ગયું છે !

દૂર દૂરથી મેં મહાબલિસ્વરૂપના ડુંગરાઓને પ્રણામ કર્યા અને ક્ષિતિજની રેખાને અડતા મોહનપુરાના જંગલને પણ વંદન કર્યા.

હે અરણ્યના આદિ દેવતા મને ક્ષમા કરો. વિદાય...”

સર્જનાત્મક સાહિત્ય તરીકે એનું મૂલ્ય ઘણું ઊંચું હોવા છતાં... ઉપરાંત આ કૃતિ આપણી સમક્ષ અરણ્યનો આત્મા અને નવાં ગ્રામનો ચિતાર કરે છે અને પ્રકૃતિ અને માનવ બન્ને પ્રત્યે અનુરાગ ઉત્પન્ન કરે છે. એક અન્ય દૃષ્ટિ એ પણ આ કૃતિનું મૂલ્ય છે કે માનવી એની લાક્ષણિક પરિસ્થિતિમાં કેવો હોય છે, તેનું સર્વગ્રાહી દર્શન એ કરાવે છે. માનવી કુદરત પાસે શી રીતે સેવા લે છે અને પોતાની જરૂરિયાત સંતોષવાને એ શી રીતે એ ધરતીની કાયાપલટ કરી નાંખે છે તેનું આલેખન અહીં લાક્ષણિક રીતે થયું છે. બંગાળાની પડખે બિહારના એક ખૂણાના જીવનનું સાચું અને તાજું ચિત્ર એ આપે છે કે જે ચિત્રમાં માનવના અનિવાર્ય આક્રમણને પરિણામે પ્રકૃતિને શી રીતે પીછેહઠ કરવી પડે છે. તેના નિરૂપણ તરીકે આ કૃતિ અનન્ય રહેશે અને એ માનવના ચિત્તને પ્રસન્ન કરશે તથા એના હૃદયની તંત્રીઓને છેડશે તે વિશે આપણે ચર્ચા કરી, હવે આપણે આ નવલકથા કયા પ્રદેશમાં પથરાયેલી છે તે તપાસ કરીએ.

૨. પ્રાદેશિક પરિચય:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિના સંદર્ભે 'આરણ્યક' નવલકથામાં આદિવાસી સમાજના છેડા કયા કયા પ્રદેશ સુધી ફેલાયેલા છે તેની સંસ્કૃતિના મૂળિયાં ક્યાં સુધી પથરાયાં છે તે જોતાં ફૂલકિયા બઈહાર, ચકમકિયા, ભાગલપુર, પૂર્ણિયા,

પટણા, મોંઘીરછાપરા, લવટૂલિયા, આઝમાબાદ, કિસનપુર, નવગછિયાગામ, છોટાનાગપુર, ધરમપુર, બલિયા તથા નેપાલના તેરાઈ જંગલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે તથા કલકત્તા, જોનપુર જિલ્લો વગેરે સ્થળ-પ્રદેશનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ધાતુરિયા કથાનાયક સાથે સંવાદ કરે છે, એમાં આપણને સ્થળ-પ્રદેશની ઝાંખી થાય છે. “ધાતુરિયાએ કહ્યું, પૂર્ણિયાના હો હો નાચ અને ધરમપુરના એ જ પ્રકારના નાચ વચ્ચે કેવો ફરક છે. ‘બાબુજી’ તમે બલિયા જિલ્લામાં છઠપર્વને સમયે સ્ત્રીઓનો નાચ જો જો એ નામનું છક્કરબાજી નાચ જોડે અમુક બાબતમાં ઘણું સામ્ય છે. અહિંયા આપણને ધરમપુર, પૂર્ણિયા અને બલિયા જિલ્લાની વાત કરવામાં આવી છે.

આમ, ઉપરોક્ત કૃતિનો સંદર્ભ લઈને પ્રદેશ પરિચય મેળવતાં નીચે જેવાં પ્રદેશો સંકળાયેલ છે. જેમાં ફૂલકિયા, બઈહાર, ચકમકિયા, ભાગલપુર, પૂર્ણિયા, પટણા, મોંઘીર, છાપરા, લવટૂલિયા, આઝમાબાદ, કિસનપુર, નવલછિયા ગામ, છોટાનાગપુર, ધરમપુર, બલિયા જિલ્લો વગેરે શહેર જિલ્લા, ગામ તથા નેપાલના તેરાઈ જંગલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે તથા કલકત્તા, જોનપુર જિલ્લો,

પૂર્ણિયા - કિસનગંજ વગેરે સ્થળ-પ્રદેશનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રાદેશિક પરિચય મેળવ્યા બાદ આદિવાસી સમાજનો અભ્યાસ કરીએ.

૩. આદિવાસી સમાજ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'આરણ્યક' નવલકથામાંથી આદિવાસી સમાજ એટલે દોષાદ સમાજ, ગાંગોતા સમાજ, ઝલ્લુ ટોલા સમાજ, લોયાઈ ટોલા, પર્વત ટોલા, અસરફી ટોલા, લછમતિયા ટોલા, ગોંડ કે સાંથાલ, રાજગોડ, કલવાર ચકમકિયા ટોલા અને દ્રોણ સમાજની વાત કરવામાં આવી છે. તે જોઈએ નાઢા બઈહારની નવી વસ્તીમાંથી રસ્તો જતો હતો. અહીં એક એક સરદારના નામ પરથી મહોલ્લાઓનાં નામ રાખવામાં આવ્યાં હતાં. જેમ કે ઝલ્લુ ટોલા, રૂપદાસ ટોલા, બેગમ ટોલા વગેરે વગેરે એ આદિવાસી સમાજની ખાસિયત છે. આદિવાસી સમાજ ખાંડીને, વાટીને, દળીને ખાતો હોય છે તે કથાનાયકે અહીં બતાવ્યું છે. ઉખળમાં જવા ખાંડવાનો ધમ-ધમ અવાજ આવતો હતો. ઘરમાંથી ધુળાડો નીકળ્યા કરતો હતો. (પૃ. ૨૨૭) આદિવાસી સમાજની અનાજ દળી, ખાંડી ખાવાની એક રીત બતાવી છે.

આદિવાસી સમાજનો વન, ફળ, ફુલ, ડાળીઓ વેલીઓ સાથે કેટલો ઊંડો નાતો છે તે વિભૂતિભૂષણ બંદોપાધ્યાયે ટાંક્યું છે. "કેટલાંય વૃક્ષો, કેટલી લતાઓ

ને છોડવાઓ, ડાળીઓ ને પલ્લવો, વનફૂલો ને પથ્થરો જ્યાં-ત્યાં વિખરાયેલાં પડ્યાં હતાં. તમ તમારે બેસો ફાવે ત્યાં આડા પડો, કે ઊંઘી જાઓ પિયારનાં વૃક્ષોની ઘન છાયામાં બેસીને સમય વ્યતીત કરો. વિશાલ અને નિર્જન અરણ્યભૂમિ તમારા થાકેલા સ્નાયુઓને આરામ ને શાંતિ આપશે." (પૃ. ૨૨૮) આરણ્યભૂમિ આદિવાસી સમાજની મૂડી, પૂંજી, સંપત્તિ કે મિત્ર ગણો તો એ જ છે. આમ, કુદરતનાં તત્વો, અંગો વડે રંગાયેલું એમાં ઓતપ્રોત એટલે જ આ આદિમ માનવી આદિવાસી સમાજની વાત કરતાં એમાં દોષાદ સમાજ, ગાંગોતા સમાજ, ઝલ્લુ ટોલા, લોધાઈ ટોલા, પર્વત ટોલા, ભીમદાસ ટોલા, અસરફી ટોલા, લછમનિયા ટોલા, ગોંડ કે સાંથાલ, રાજગોંડ, કલવાર, ચકમકિયા ટોલા અને દ્રોણ સમાજની વાત કરવામાં આવી છે, તથા જંગલ અને જંગલના તત્વો સાથેનો નાતો વિશે વાત કરી હવે આપણે આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ વિશે વાત કરીએ.

૩.૧ આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપને ઉઘાડ કરતાં આરણ્યકોમાં ગંગોતા કે દોષાદ જાતિના લોકોને અસ્પૃશ્ય ગણવાનોય રિવાજ છે. પરંપરાની અડોઅડ જ પરિસ્થિતિવશ પરિવર્તન સ્વીકાર્યું છે. રજપૂતાણી કુંતા વિધવા થયા પછી ઘરબાર ભટકતી રહી. નાત કરતાં

પરનાતીલાંઓએ જ હૂંફ આપી. તેથી હવે એ પોતાની જાતને 'રજપૂતાણી' માનતી નથી. ગિરધારીલાલ કે જે ભલો માણસ છે. પણ ગંગોતા હોવાના કારણે એને રક્તપિત્ત થતાં પૈસા આપવા છતાં મદદ કરવા કોઈ તૈયાર થતું નથી. આદિવાસી સમાજમાં પણ ઊંચ-નીચના ભેદભાવ રાખવામાં આવે છે.

પટવારીએ કહ્યું, "હજૂર ! એ લોકો જાતે દોષાદ છે. એમને જો આપણે ઘરની અંદર બેસાડીએ તો ઘરની બધી ચીજો બહાર ફેંકી દેવી પડે. કોઈ પણ બ્રાહ્મણ, ક્ષત્રિય કે ગંગોતા એ વસ્તુ ખાય નહિ. તે ઉપરાંત ઘરમા બેસાડવા માટે જગ્યા પણ ક્યાં છે, હજૂર !" (પૃ. ૫૧) ગંગોતા અને દોષાદ જાતિ વચ્ચે અને અન્ય જ્ઞાતિ વચ્ચે ઊંચ-નીચના ભાવ પ્રકટ થાય છે તે જોવા મળે છે.

"પુરુષો પણ સમજદાર નહોતા. તેઓ વિલાયતી સિગારેટ ખરીદે, જોડા, પહેરણ, ખમીશ વગેરે ખરીદે. ફસલના પૈસા ઘરમાં આવતાં જ વાર કે સ્ત્રીઓને ખરીદવાની, ધૂન ઊપડે. રંગીન કાપડ, કાચના ને એલ્યુમિનિયમનાં વાસણો આવે મીઠાઈવાળાની દુકાનેથી લાડુ-કચોરી વગેરે આવે ને નાચ જોવામાં, ગાયન સાંભળવામાં એમ પૈસાનું પાણી થતું જ જાય. એ ઉપરાંત રામજી, હનુમાનજીની પૂજાનો ખર્ચો તો ખરો જ. એ ઉપરાંત જમીનદાર ને વેપારીઓના નોકરોને ખુશબખ્તી આપવાની. એ તો જોયું કે, કડકડતી ઠંડીમાં રાતના ઉજાગરા કરીને

જંગલી ભેંસ કે જંગલી ડુક્કરના ઉપદ્રવમાંથી પાકનું રક્ષણ કરીને વાઘના મોઢામાં કે સાપના મુખમાં પોતાની જાતને મૂકવાનું સાહસ કરીને મેળવેલી આખા વર્ષની આ લોકોની જે કમાણી તે આ પંદર દિવસમાં આનંદપૂર્વક ઉડાવી દેતાં. આ લોકોને જરા પણ સંકોચ થતો નહોતો." (પૃ. ૧૪૭-૧૪૮)

જંગલી ભેંસોને શિકારીઓથી બચાવતા ટાડવાર ટાડવાર જેવા અલૌકિક દેવના ચમત્કારોય અહીં છે. દોબરૂ પાન્ના જેવા ગર્વથી કહે છે કે અમે ખેતી કરવામાં માનતા જ નથી. અમારે ત્યાં શિકારની વધારેમાં વધારે ઈજ્જત છે. આ રીતે આદિમ ખ્યાલો અહીં છે. વયની ભારે અસમાનતા દામ્પત્યમાં મંચીના અપવાદે કોઈનેય ખટકતી નથી. એને 'કજોડું' કહેવાના નાગરિક ખ્યાલો ત્યાં નથી. 'જ્ઞાન'ની દુનિયાથી પણ આ આરણ્યકો દૂર છે, રાજુ પાંડે કે જે સામાન્ય ખેતી કરે છે. તુલસીદાસની ચોપાઈ ગાયા કરે છે, એ એક વખત સત્યચરણને સૂરજના ઊગવા-આથમવા વિશે પૂછી બેસે છે, ત્યારે સત્યચરણ કહે છે કે, "રાજુ એ આંખોનો ભ્રમ છે. ખરી રીતે તો સૂરજ... ઊગતોય નથી તેમ આથમતોય નથી." સત્યચરણને થાય છે કે "હાય રે ગેલેલિયો;" સત્યચરણનો પ્રતિવાદ કરતા એ કહે છે,

"ખોટી વાત છે, બાબુજી ! ઉદયગિરિની જે ગુફામાં સૂરજ રોજ ઊગે છે તેને મુંગેરના એક સાધુએ જોઈ છે. તેમાં તેનો અભ્રરથ રહે છે. બધાને જોવા મળતું નથી એ. સાધુ એ અભ્રરથનો ટુકડો પણ લઈ આવ્યો હતો ને મારા ગુરુભાઈ કામતાપ્રસાદે સગી આંખે એ ટુકડો જોયો હતો.

આવી દંતકથાની દુનિયામાં તેઓ જીવે છે, પણ પુન: કલકત્તામાં આવી પડેલો આપણો સવાયો આરણ્યક સત્યચરણ પણ આ દંતકથાને યાદ કરી બેસે છે." (ભ.વા. પૃ. ૯)

→ અહીંયા આપણને ટાડવાર જેવા અલૌકિક દેવના ચમત્કારોય જોવા મળે છે.

→ વયની ભારે અસમાનતા દામ્પત્યમાં મંચીના અપવાદે કોઈનેય ખટકતે નથી. કજોડું કોઈનેય લાગતું નથી.

→ 'જ્ઞાન'ની દુનિયાથી પણ ઘણે દૂરના ખ્યાલો છે. જે સૂરજના ઊગવા-આથમવા વિશેના ખ્યાલોથી પણ દૂર છે.

આમ, આપણે કહી શકીએ કે આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ ઘણું નિરાળું છે. હવે આપણે આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર કેવો છે? તે વિશે વિચારીએ.

૩.૨ આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો સંબંધ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર કેવો છે તે જોઈએ. સીતાપુર નામના ગામમાં રાખાલબાબુ નામના એક બંગાળી ડૉક્ટર હતા, તે એકાએક મરી ગયા. રાખાલબાબુના વિધવા પત્ની કહે છે, "અહીં ડૉક્ટરને કામના બદલામાં પૈસા મળતા નથી, પણ ઘઉં આપે કે મકાઈ આપે. ગયે વર્ષે માહ મહિનામાં એ પથારીવશ થયાં ત્યારથી એક પૈસો પણ રહ્યો નથી. તોપણ આ પ્રદેશના લોકો ખરાબ નથી. જેની પાસે લેણું હતું, તે બધા ઘઉં, મકાઈ કે અડદ આપી ગયા છે. એથી અમારું ચાલે છે, નહિ તો અમે ભૂખે મરી ગયાં હોત." (પૃ. ૧૧૧) આમ, ડૉક્ટરનો સ્વર્ગવાસ થયો છતાં આદિવાસી સમાજ પોતાનું લેણું ચૂકવવા ઈમાનદારીથી અનાજ આપી જાય છે. જે અન્ય સમાજ સાથેનો સારો વ્યવહાર ગણી શકાય.

સાથે આદિવાસી સમાજને ઘણી વખતે અન્ય સમાજને હાથે ઘણું સહન કરવાનું કે ભોગવવું કે શોષાવું પડે છે તે જોઈએ. મંચી સૂરજકુંડમાં ઊતરવા જતી હતી ત્યાં પંડાઓ બોલ્યા, "એ ઈ ! ત્યાં શા માટે નાહવા જાય છે?" એણે તો કહ્યું "હું તો નાહવાની." એમણે પૂછ્યું, "તારી જાત કઈ?" એણે કહ્યું "ગંગોતા." ત્યારે તેમણે કહ્યું, "ગંગોતાને અમે કુંડના પાણીમાં નાહવા દેતા નથી. ચાલી જા... ચાલી જા... તમે જો જાણો છો કે એ બહુ તેજીલી છોકરી છે. એણે કહ્યું "આ તો પહાડી

ઝરણું છે, એમાં ગમે તે નાહી શકે. આ કેટલાય લોકો અંદર નહાય છે, એ શું બધા બ્રાહ્મણ કે ક્ષત્રિય છે ? એમ કહીને એ જેવી કુંડમાં ઊતરવા ગઈ, ત્યાં બે જણ દોડતા આવ્યા. એ ઘસડતા ઘસડતા ને મારતાં મારતાં ત્યાંથી લઈ ગયા. એ બિચારી રડતી રડતી પાછી આવી." (પૃ. ૧૮૯) આમ, મંચીને પંડાઓને હાથે ગંગોતા હોવાથી માર ખાવો પડે છે, શોષાવું પડે છે, અપમાનિત અને દુ:ખી થવું પડે છે.

કેટલાક માથાભારે લોકો જેવા કે દેવીસિંહ, નંદલાલ ઓઝા અને છટુસિંહ વગેરે આદિવાસી સમાજની તૈયાર ફસલો હડપી લેવાના પેંતરા કરવા કે જંગલની ઉપજો ઝૂંટવી લેવી અથવા રૂપિયા ધીરવા અને પછી પજવવા જેવાં આચરણો આ લોકો કરે છે. આમા પણ આદિવાસી સમાજને શોષાવું પડે છે. આવી રીતે આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર દયનીય તથા લાગણીસભર બની રહે છે. અન્ય સમાજ સાથેનો વ્યવહાર જોયા પછી હવે આપણે આદિવાસી સંસ્કૃતિ વિશે ચર્ચા કરીએ.

૪. આદિવાસી સંસ્કૃતિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સંસ્કૃતિનો પરિચય મેળવવા નીચે જેવા પેટા મુદ્દાઓમાં વહેંચવામાં આવ્યા છે. જે આ પ્રમાણે છે :

ખેતી અને જમીન વિષયક ગતિવિધિ, સામાજિક ગતિવિધિ, આર્થિક ગતિવિધિ તથા સાંસ્કૃતિક ગતિવિધિ વગેરે મુદ્દાઓ તારવવામાં આવ્યા છે.

૪.૧ ખેતી અને જમીન વિષયક ગતિવિધિ:

"આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે ખેતી અને જમીન વિષયક ગતિવિધિની ચકાસણી કરીએ સાંજ પછી લવટ્રલિયાની નવી વસતી બહુ સરસ દેખાતી હતી. ધુમ્મસને લીધે ચાંદની બરાબર ખીલી નહોતી. ઘણે લાંબે સુધી ફેલાયેલાં ખેતરો ને જુદી જુદી વસ્તીઓમાં ચારપાંચ દીવાઓ સળગતા હતા. અમારા મહાલમાં કેટલાયે લોકો ને કેટલાંયે કુટુંબો અન્નની ખોજમાં આવ્યાં હતાં. જંગલો કાપીને ગામો વસાવતા હતા ને ખેતીની શરૂઆત કરતા હતા. પ્રથમ તો એ લોકોના વેઢે ગણી શકાય એટલી હતી." (પૃ. ૨૪૦)

અહીંયા આપણે જોઈ શકીએ છીએ કે કેટલાયે લોકો ને કુટુંબો અન્નની ખોજમાં આવતાં ને જંગલો કાપીને ગામો વસાવતા હતા ને ખેતીની શરૂઆત કરતા હતા. ખેતીમાં વર્ષમાં ત્રણ પાક મકાઈ, અડદ ને ઘઉં ને ચોખાનું ઉત્પાદન થતું નહોતું, જમીન ચોખાને લાયક નહોતી.

"કારતક મહિનાની શરૂઆતમાં એક દિવસ હું એ જગ્યાને જોવા ગયો. આખાય મેદાનમાં સરસિયાં વાવ્યાં હતાં. શિયાળો અર્ધો વીત્યો હશે ત્યાં, સરસિયાનાં ખેતરો પીળા રંગનાં ફૂલોથી ચમકવા લાગ્યાં ત્યારે જે અત્યંત સુંદર દૃશ્ય નજરે ચડતું હતું, તેની તુલના ન થઈ શકે. દોઢ હજાર વિઘાં સુધી વ્યાપેલું એ વિશાળ મેદાન ક્ષિતિજ સુધી જાણે પીળા ગાલીચાથી છવાયેલું હતું. ન વચ્ચે કોઈ અંતરાય ન કોઈ છેદ. ઉપરનું ભૂરું આકાશ ઇન્દ્રની લમણિ જેવું લાગતું હતું. ને નીચે હળદના રંગની ધરતી, જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી - મને લાગ્યું કે આ દૃશ્ય પણ ખરાબ તો નથી જ." (પૃ. ૧૩૦-૧૩૧)

ફૂલકિયા બઈહારમાંથી હું બહાર નીકળ્યો ત્યાં સામે જ ક્ષિતિજ સુધી ફેલાયેલાં, ફૂલથી ભરેલાં એવાં સરસિયાનાં ખેતરો નજરે પડ્યાં; જ્યાં સુધી નજર પહોંચતી હતી. સામે ડાબી ને જમણી બન્ને તરફ કોઈએ પીળાં ફૂલનો ગાલીચો પાથર્યો હોય એવું લાગતું હતું. એમાં ક્યાંય છેદ નહોતો; રુકાવટ નહોતી. જંગલના સીમાડાથી માંડીને બહુ બહુ દૂર સુધી, ચંદ્રકારની નીલરંગી શૈલમાળા સુધી એ પથરાયેલો હતો.

આ પ્રદેશનો નિયમ છે કે કાપણી કરતી વખતે જ સરકારનું ને જમીનદારનું લેણું વસૂલ કરવું. કારણ કે આ પ્રજા રહી ગરીબ. એક વાર કાપણી થઈ ગઈ,

પછી બિચારા લેણું ચૂકવી ન શકે. આપણે જોયું કે લોકો ગણોત આપીને ખેતી કરે છે.

"આટઆટલી ઠંડીમાં આકાશની નીચે, સામાન્ય કારાની ઝૂંપડીથી જમીન ઉપર અહીંના લોક શી રીતે રાત્ વિતાવતા હશે? તેમાં વળી ફસલની ચોકી કરવાની, જંગલી ભેંસનો ઉપદ્રવ, જંગલી ડુક્કરનો ઉપદ્રવ પણ કંઈ ઓછો નહોતો ને તેમાં વળી વાઘનો ત્રાસ! અમારા બંગાળી ખેડૂતો કાંઈ આટલું કષ્ટ વેઠી શકે? એટલી ફળદ્રુપ જમીન, કશાય ઉપદ્રવ વિનાની ખેતી, છતાંય એ લોકોનાં દુ:ખ ઓછાં થતાં નથી!" (પૃ. ૧૪૨) આદિવાસી સમાજ આકાશી ખેતી કરે છે. તથા ડુક્કર અને વાઘનો સામનો કરીને પણ ખેતી કરે છે. ખેતી અને જમીન વિષયક ચર્ચા કર્યા પછી સામાજિક ગતિવિધિ વિશે વાત કરીએ.

૪.૨ સામાજિક ગતિવિધિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે સામાજિક ગતિવિધિની વાત કરીએ. એમાં આપણે બલભદ્ર સેંગાઈની રામકહાણી સાંભળીએ. "છાપરા જિલ્લામાંથી લવટૂલિયામાં વસ્યો હતો. બૈરાં-છોકરાંને લઈને એ કેટલીય જગ્યાએ ભટક્યો હતો. કેવાં કેવાં જંગલોમાં ને ગામોમાં એણે ઘરબાર વસાવીને ઉઠાવ્યાં હતાં. ક્યાંક ત્રણ વર્ષ, ક્યાંક પાંચ વર્ષ, એક જગ્યાએ કોશી નદીને કિનારે દશ વર્ષ રહ્યો હતો. પણ

ક્યાંય પ્રગતિ કરી શક્યો નહિ. હવે એ લવટૂલિયા બઈહારમાં પોતાની ઉન્નતિ કરવા આવ્યો હતો.

આવા રખડુંઓનું જીવન અજબ પ્રકારનું હોય છે. એની જોડે વાત કરતાં મને જણાયું, કે એમનું જીવન તદ્દ્ન બંધનવિહીન ને મુક્ત હોય છે. એને નથી કોઈ સમાજ કે નથી કોઈ સંસ્કાર, પોતાના ઘરની કોઈ માયા એમને હોતી નથી. ખુલ્લા આકાશની નીચે પોતાની દુનિયા વસાવી એ લોકો જંગલ, પહાડો, ઉપત્યકા કે નદીઓને કિનારે રહે છે. આજે અહીં તો કાલે વળી બીજે ઠેકાણે.

એમનો પ્રેમવિરહ, જીવન-મૃત્યુ એ બધું મારે માટે નવુંને વિચિત્ર હતું. પણ બધા કરતાં મને વિચિત્ર તો આ માણસની ઉન્નતિની આશા લાગી. આ લવટૂલિયા જંગલમાં સામાન્ય પાંચદશ વીધાં જમીનમાં ઘઉંની ખેતી કરવાથી એની શી રીતે ઉન્નતિ થવાની હતી તે તો મને સમજાયું નહિ.” (પૃ. ૨૩૩) આદિવાસી સમાજની આ એક દુ:ખની પણ વેદના છે, કારણ કે ઘણી વખત ખેતી માટે મજૂરી માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું પડે છે. જેથી સમાજ પડી ભાંગતો હોય છે. એમાં પ્રેમવિરહ, જીવનમૃત્યુ બધું જ પ્રશ્નાર્થ ચિહ્ન કે હાંસિયામાં જ રહી જાય છે.

આદિમ ખ્યાલોની વાત કરીએ તો વયની ભારે અસમાનતા દામ્પત્યમાં મંચીના અપવાદે કોઈનેય ખટકતી નથી. એને ‘કજોડું’ કહેવાના ખ્યાલો ત્યાં નથી.

આમ, આદિવાસી સમાજની વાત કરી. હવે આપણે આર્થિક ગતિવિધિની વાત કરીએ.

૪.૩ આર્થિક ગતિવિધિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજની આર્થિક ગતિવિધિ કેવી છે તે વિશે ચર્ચા કરીએ. મુનેધરનો કથાનાયક સાથે કેવો સંવાદ થાય છે તે જોઈએ. "હું રહ્યો ગરીબ માણસ એક કઢાઈના છ આના પડે. એ ખરીદવાનું મારું ગજું નહિ. સરકાર! એટલે તો હું હજૂર! આપ તો માલિક છો, આપ જો દયા કરો તો ગરીબનું એટલું કામ થઈ જાય.

એક લોખંડની કઢાઈ આટલા બધા કામમાં આવતી હશે ને એને માટે અહીંના લોકોને આટલી બધી તીવ્ર ઝંખના હશે. તે તો આજે મેં પહેલવહેલું જાણ્યું. આ દુનિયામાં એવા લોકો હોય છે કે જેમને છ આનાની લોખંડની કઢાઈ મળે કે જાણે સ્વર્ગ મલ્યું હોય એમ લાગે! મેં સાંભળ્યું હતું કે આ પ્રદેશના લોકો ઘણા જ ગરીબ છે, પણ આટલા ગરીબ હશે એમ તો ધારેલું નહિ. મને એમની પર માયા ઉપજી." (પૃ. ૨૧-૨૨)

આદિમ સમાજને ગરીબાઈ કેટલી હદે ઘેરી વળી છે અને કઢાઈ માટેની કેટલી ઝંખના તથા કઢાઈના કેટકેટલા ઉપયોગો અને સત્યચરણના મુખમાંથી પણ સરી પડે છે. 'કેવા ભલાભોળા લોકો છે! ખરું દુ:ખ મારું નહિ, એ લોકોનું છે.'

કથાનાયક કહે છે, "કોણ જાને શાથી પણ મને આ લોકો ગમ્યા. એમની દરિદ્રતા, એમની સરળતા, કઠોર જીવનસંગ્રામનો સામનો કરવાની એમની તત્પરતા - આ અંધારી અરણ્યભૂલ અને હિમ વર્ષાવતું મુક્ત આકાશ એમને વિલાસિતાની ફૂલબિછાત તરફ જવા દેતાં નથી, પણ સાચેસાચ એમને ખડતલ પુરુષ બનાવે છે. જરા અમથો ભાત ખાવાનો મળશે એ આનંદ જેઓ ભીમદાસ ટોલાથી આવો પહાડી માર્ગ કાપીને નવ માઈલનો રસ્તો વટાવી આવ્યા અને તે પણ આમંત્રણ વિના. તેમની આનંદ ગ્રહણ કરવાની શક્તિ કેટલી સતેજ છે." (પૃ. ૨૯)

ગનુ બોલ્યો, "હજૂર ! દુકાનેથી ચીજો ખરીદવા જેટલા પૈસા ક્યાં છે મારી પાસે? ને બંગાળી બાબુની જેમ ભાત ખાવાનો પણ અમને ક્યાં મળે?" (પૃ. ૩૪) આદિવાસી સમાજનો પ્રશ્ન એ છે કે દુકાનેથી વસ્તુ ખરીદવા પૈસા નથી તથા ભાત ખાવાનો ક્યાંથી મળે!

કથાનાયકને પણ નવાઈ લાગે છે અને કહે છે, “મને ખબર નહિ કે આવી ગરીબી હોઈ શકે. બંગાળા ભલે ગમે એટલો ગરીબ હોય, પણ આ પ્રદેશના સાધારણ લોકોની સરખામણીમાં બંગાળાના ગરીબ લોકો પણ આપણને વધારે સારી અવસ્થાવાળા લાગે.” (પૃ. ૫૦) ગરીબાઈની બંગાળા સાથે સરખામણી કરવામાં આવી છે. બંગાળાનો ગરીબ માણસ પણ સારી અવસ્થાવાળો લાગે. સમાજમાં ગરીબીનું સ્વરૂપ કેટલા પ્રમાણમાં છે તે જોવા મળે છે.

હું તરત જ તે તરફ ગયો, ત્યાં કેટલાંક માણસોએ જંગલનાં લાકડાં કાપી કોલસા બનાવવા માટે તેને ભઠ્ઠીમાં મૂક્યાં હતાં. એ કોલસા તેઓ શિયાળામાં દૂરદૂરના ગામે વેચવાના હતા. આ પ્રદેશના ગરીબ લોકો ટાઢમાં સગડીમાં કોલસા સળગાવી ઠંડીથી પોતાનું રક્ષણ કરતા હતા. એક પૈસાના ચાર શેર કોયલા વેચાતા હતા. પણ એટલા સસ્તા કોલસા ખરીદવાને પણ લોકોની પાસે પૈસા નહોતા.” (પૃ. ૬૩) એક તરફ લોકો લાકડા કાપીને કોલસા વેચે છે, પરંતુ એક પૈસાના ચાર શેર કોયલા ખરીદવા પણ લોકોની પાસે પૈસા નથી અને જે વેચનાર છે એને પણ શું નફો મળવાનો હતો? આવી દયનીય પરિસ્થિતિ જોવા મળે છે.

કથાનાયક પરિસ્થિતિનું વર્ણન કરતાં કહે છે કે, “ભાગલપુરના દક્ષિણ ભાગમાંથી આવેલા કેટલાક કાપણી કરનાર મજૂરો બૈરાં-છોકરાંને લઈને પાકની

કાપણી કરવા આવ્યા હતા. એક દિવસ સાંજે તેમની ખૂપરીઓ પાસે જતાં જતાં મેં જોયું, કે બધાં ઝૂંપડી પાસે બેસીને તાપણાંથી તાપી રહ્યાં છે." (પૃ. ૧૪૨)

કથાનાયક પ્રશ્નો પૂછવાની શરૂઆત કરે છે. "હવે તમે તમારા દેશમાં પાછાં જવાનાં કે? નકછેદીએ જવાબ આપ્યો, દેશમાં પાછા ફરવાને તો હજી વાર છે. અહીંથી ધરમપુર બાજરી કાપવા જઈશું, એ કામ પૂરું થયે અમે મોંઘીર જિલ્લામાં ઘઉંની કાપણી કરવા જઈશું. એ કામ પૂરું થતાં જેઠ મહિનો બેસશે. પછી ખેડ કાપવાને પાછા અહીં આવીશું. પછી થોડા દિવસ આરામ. શ્રાવણ-ભાદરવા મહિનામાં પાછો મકાઈની ફસલનો વખત થશે. મકાઈનું કામ પૂરું થતાં અડદ કાપવાનું શરૂ થશે, ને પછી કાર્તિક મહિને ધરમપુર પૂર્ણિયા તરફ કાર્તિક મહિનાનો પાક. અમે આ રીતે આખું વર્ષ એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટક્યા કરીએ છીએ. જ્યાં જે ફસલ હોય ત્યાં તે ફસલની કાપણી કરવા અમે જઈએ. એમ ન કરીએ તો ખાઈએ શું?" (પૃ. ૧૪૪)

અહીંયા આદિવાસી સમાજ પોતાનું ઘર છોડી કુટુંબ કબીલા સાથે મજૂરી અર્થે એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા હોય છે. પોતાના વતનમાં રહેતાં એમને મજૂરી મળતી નથી. એથી મજૂરી માટે સ્થળાંતર કરવું પડે છે.

એ સિવની જિલ્લાનો છે. આ પહાડમાં ભેંસોને માટે ચારો અને પાણી બંને સારા પ્રમાણમાં હોવાથી તેઓ એકાદ વર્ષથી ત્યાં રહેતાં હતાં. તે ઉપરાંત એ જંગલના કાંટાળા વાંસમાંથી ટોપલીઓ, સાદડીઓ અને વરસાદમાં માથે ઓઢવાની 'બરસાતી' વગેરે બનાવવાની ખૂબ સગવડ છે. શિવરાત્રીના મેળામાં અખિલ કૂચાન પહાડ પર જે મેળો ભરાય છે, તેમાં એ બધી વસ્તુઓ વેચીને બે પૈસા કમાઈએ છીએ." (પૃ. ૧૭૮) આદિમ સમાજ વાંસમાંથી ટોપલીઓ, સાદડીઓ બનાવી વેચીને બે પૈસા કમાઈને પોતાનું ગુજરાન ચલાવે છે.

કથાનાયક કહે છે કે, એક દિવસ ઉત્તર તરફની સીમ બાજુ જતાં ફરતાં ફરતાં હું કચેરીથી ઘણે દૂર જઈ ચડ્યો. એ તરફ ઘણે દૂર સુધી ફેલાયેલાં કોઠાનાં ઝાડોનાં જંગલ હતાં. આ બધાં જંગલોની જાળવણીનું કામ ઉપાડી લઈ છાપરા અને મુઝપુર જિલ્લાના કલવાર જાતના લોકો લાખની ખેતી કરી ઢગલાબંધ પૈસા કમાતા." (પૃ. ૫૯) આદિવાસી સમાજની આર્થિકતાની વાત કરવામાં આવી છે. કે લાખની ખેતી કરી આવક મેળવે છે, ને પોતાનું ગુજરાન ચલાવે છે. આરણ્યકોની આર્થિક પરિસ્થિતિ અને ગતિવિધિ વિશે વાત કરી, હવે આપણે એમની સાંસ્કૃતિક ગતિવિધિ વિશે વાત કરીએ.

૪.૪ સાંસ્કૃતિક ગતિવિધિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે સાંસ્કૃતિક ગતિવિધિ કેવી છે તે તપાસવા નીચેના જેવા પેટા મુદ્દામાં સમાવેશ કર્યો છે:

૪.૪.૧ લોકગીતો:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે લોકગીતની વાત કરતાં એનો સંદર્ભ લઈએ. કચેરીમાં ઢોલનો શબ્દ સાંભળી બહાર જઈને જોઉં છું તો કેટલાક લોકો કોણ જાણે ક્યાંથી આવીને કચેરીના કંપાઉન્ડમાં ઢોલ વગાડતા હતા. ઢોલનો અવાજ સાંભળી કચેરીના નોકરો એમને ઘેરી વળ્યા હતા. કોઈને બોલાવી પૂછું કે આ બધું શું છે, એમ હું વિચાર કરતો હતો, એટલામાં જમાદાર મુક્તિનાથસિંહ બારણા આગળ આવીને સલામ કરીને બોલ્યો, એક વાર મહેરબાની કરીને બહાર આવો તો. કેમ જમાદાર શું છે?

હજૂર! આ વખતે દક્ષિણ તરફ દુકાળ પડ્યો છે. ધાન પાક્યું નહિ એટલે પેટગુજારો થતો નથી. એટલે બિચારા જ્યાં ત્યાં નાચ બતાવીને પૈસા મેળવે છે. એ લોકોની ઇચ્છા હજૂરને નાચ બતાવવાની છે. જો આપનો હુકમ હોય તો નાચ બતાવે.

નૃત્યકારો મારા ઓરડાની આગળ આવી ઊભા રહ્યા. મુક્તિનાથે એ લોકોને પૂછ્યું, કયો નાચ તમે હજૂરને દેખાડશો?

એટલે નૃત્યમંડળીમાંથી એક સાઠ-બાસઠ વર્ષનો બુઢ્ઢો સલામ કરીને વિનીત ભાવે બોલ્યો, હજૂર! હો હો નાચ ને છક્કરબાજિ નાચ. ઘણો વખત એમણે ગાયું ને નૃત્ય કર્યું. સાંજે એ લોકો આવ્યાં હતાં. ધીમે ધીમે આકાશમાંથી ચાંદની વરસી ત્યારેય એ લોકો કૂદડી ફરતા એકબીજાનો હાથ પકડીને નાચતા હતા, ને ગાતા હતા. એમનો સૂર કોઈ જુદી જ તરેહનો હતો. અહીંથી મુક્ત પ્રકૃતિના વિશાલ વિસ્તારમાં, સભ્ય જગતથી ખૂબ દૂર જંગલની પશ્ચાદ્દભૂમિમાં દિશાઓમાં ફેલાયેલી છાયા વિનાની ચાંદનીમાં આ લોકોનાં આ નાચગાન જ યોગ્ય હતાં. એક ગીતનો અર્થ આ પ્રમાણે હતો:

બાલ્યકાળમાં ખૂબ મજા હતી.

ધાન પાક્યું નહોતું તેથી નાચગાન બતાવીને પેટગુજારો કરવાનું આ ગીત હતું. હવે આપણે આદિમ સમાજના ઉત્સવો વિશે છણાવટ કરીએ.

૪.૪.૨ ઉત્સવો:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિને કેન્દ્રમાં રાખીને આદિવાસી સમાજના ઉત્સવો મેળાઓ કેવા છે તે કથાનાયકના શબ્દોમાં સાંભળીએ. અમારા આ જંગલમહાલના સીમાડા પર અગ્નિ દિશાએ સાત-આઠ માઈલ પર એટલે અમારી મુખ્ય કચેરીથી ચૌદ-પંદર માઈલ દૂર ફાગણ મહિનામાં હોળીને વખતે એક બહુ

મોટો મેળો ભરાતો હતો. મેં ત્યાં જવાનું નક્કી કર્યું. ઘણા વખતથી મેં આટલા બધા માણસો ભેગા મળે તે દૃશ્ય જોયું નહોતું અને વળી આ પ્રદેશનો મેળો કેવો હોય તે જાણવાનું કૂતુહલ પણ ખરું.

"બહુ મોટો મેળો હતો. મારી ડાબી તરફ જે ગિરિમાળા ત્રણેક માઈલ મારા માર્ગની જોડે ચાલ્યા કરતી હતી. તેની દક્ષિણ તરફ નાના એક ગામના ખેતરમાં પહાડના ઢળાણમાં ચારે બાજુ શાલ-પલાશના જંગલમાં એ મેળો ભરાયો હતો. મહિષાવાડી, કડારી તિનટાંગા, લછમનિયા ટોલા, ભીમદાસ ટોલા, મહાલિખારૂપ વગેરે દૂર તેમજ નજીકના સ્થાનેથી લોકો ભેગા થયા હતા. તેમાં મોટા ભાગની સ્ત્રીઓ હતી. તરુણીઓએ વાળમાં પિયાર કે ધાતુપનાં ફૂલો ખોસ્યાં હતાં. કેટલાકના અંબોડામાં લાકડાની કાંસકી પણ ખોસેલી હતી. એમના દેહનો ઘાટ લાવણ્યમય હતો. એઓ મોજથી નકલી મોતી, સસ્તી જાપાન કે જર્મનની બનાવટની સાબુ રાખવાની ડબ્બી, બંસી, અરીસા, તદ્દન નકામું ને એકદમ હલકી બનાવટનું એસેન્સ ખરીદતી હતી. પુરુષો એક પૈસાની દશવાળી કાળી સિગારેટ ખરીદતા હતા. છોકરાંઓ રેવડી, તલના લાડુ, બુંદીના લાડુ અને તેલમાં તળેલાં ભજિયાં ખાઈ રહ્યાં હતાં.

મેળાના સ્થાનથી થોડે દૂર શાલવનની છાયામાં કેટલાક લોકો રસોઈ કરતા હતા. એવા માણસોને માટે મેળામાં એક તરફ શાકભાજીનું બજાર હતું. શાલનાં પાંદડાંના દડિયામાં સુંગઠી અને ચકલીના લાલ ઇંડા વેચાતાં હતાં. ચકલીના લાલ ઇંડા આ તરફ લોકો ખૂબ લહેરથી ખાય છે. એ સિવાય કાચાં પપૈયાં, સૂકાં કોઠાં, કંદફળ, જમરૂખ અને જંગલી સફરજન." (પૃ. ૬૫-૬૬) આમ, આદિવાસી સમાજના લોકો મેળાના ખૂબ જ શોખીન હોય છે તથા મેળામાં જવાનું ચૂકતા પણ નથી અને મેળાનો ભરપૂર આનંદ લૂંટે છે.

"કાર્તિક મહિનાની છઠનો આ પ્રદેશમાં બહુ મોટો ઉત્સવ છે. જુદાં જુદાં મહોલ્લાંમાંથી સ્ત્રીઓ પીળા રંગની સાડીઓ પહેરી ટોળે વળીને ગીત ગાતી ગાતી કલબલિયા નદીમાં છઠનો ઉત્સવ ઉજવવા જાય છે. આખો દિવસ ઉત્સવની ધામધૂમ હોય છે. સાંજે જો લોકોની વસ્તીમાંથી નીકળીએ તો પકવાનની સુગંધ આવ્યા જ કરતી હોય, મોડી રાત સુધી સ્ત્રીઓ ને બાળકોનો હાસ્ય-કલરવ, સ્ત્રીઓનાં ગીતો એ બધું સંભળાતું. એક વખત જ્યાં હાયનાનું હાસ્ય, જે વાઘની ખાંસી (જાણકાર માણસો કહે છે કે વાઘ બરોબર માણસના જેવી જ ખાંસી ખાય છે) સંભળાતાં, જ્યાં નીલ ગાયોનાં ટોળાં દોડ્યાં કરતાં, ત્યાં આજે કલકલ હાસ્યધ્વનિવાળું, ગીતના અવાજથી પૂર્ણ, ઉત્સવઘેલું વિસ્તીર્ણ જનપદ હતું.

ઝલ્લુ ટોલામાંથી હું લોધાઈ ટોલામાં ગયો, ત્યાંથી પર્વત ટોલા, ભીમદાસ ટોલા, અસરફી ટોલા, લછમનિયા ટોલા, એ બધે સ્થાને અમે ગયા. પ્રત્યેક ટોલામાટ નાચગાન હતાં. ઉલ્લાસ ને ઉત્સવનું વાતાવરણ હતું. તે દિવસે આખી રાત તેઓ ઊંઘતા નથી. આ ઘેર પેલે ઘેર ફરીને નાચગાન કરીને રાત વિતાવે." (પૃ. ૨૪૩) આમ, છઠનો પર્વ ખૂબ જ ઉમંગ અને ઉત્સાહથી ઉજવવામાં આવે છે.

"એક દિવસ રાજા દોબરૂ પાન્નાનો કાગળ મળ્યો. એને ત્યાં શ્રાવણ પૂર્ણિમાનો ઝૂલનોત્સવ હતો. તેમાં બાગ લેવા મને આગ્રહપૂર્વક નિમંત્રણ આપ્યું હતું. રાજુ ને મટુકનાથે પણ ત્યાં જવાનો આગ્રહ રાખ્યો. એટલે એમને પણ લઈ લીધા.

રાજા દોબરૂ ઉત્સવની તૈયારીમાં પડ્યા હતા. એ આવ્યા ને મારી પાસે બેઠા. મેં પૂછ્યું, ઝૂલન શું આપને ત્યાં વર્ષોવર્ષ થાય છે ? રાજા દોબરૂએ કહ્યું, આ તો અમારા વંશનો ઘણો પ્રાચીન ઉત્સવ છે. આ ઉત્સવમાં અનેક આત્મીય સ્વજન ઝૂલન નાચવા આવે છે. કાલે અઢીમણ ભાત રંધાશે.

રાત ઘણી વીતી અને જ્યારે ચૌદશની ચાંદનીએ વૃક્ષોની આડમાંથી એ વનગ્રામના ઘરોનાં આંગણામાં તેજ અને તિમિરની ગૂંથણી કરી ત્યારે રાજમહેલમાં નારીઓના સંમિલિત સૂરમાં એક અજબ પ્રકારનું ગીત મેં સાંભળ્યું. કાલે શ્રાવણી પૂર્ણિમા હતી, એટલે બહારથી આવેલી અતિથિ સ્ત્રીઓ તથા રાજકુમારીની સખીઓ

આવતીકાલના નાચગીતની તૈયારી કરતી હતી. આખી રાતભર એમના ગીતો ને મૃદંગનો અવાજ સંભળાયા કર્યો.

સાંજ પહેલાં જ એક યુવતીઓનું દલ પહાડ તરફ ગયું. તેમની પાછળ પાછળ અમે પન ગયા. એ એક મોટું સરઘસ હતું. પૂર્વ દિશા તરફ નવાદા લક્ષ્મીપુરની સરહદ પર ધનઝરી પહાડ, જે પહાડની નીચેથી મિછિ નદી ઉત્તર તરફ વહે છે, તે પહાડના વનની ટોચ પર પૂર્ણચંદ્ર ઊગતો હતો. એક તરફ નીચે ઉપત્યકા જંગલો લીલમલીલાં હતાં. બીજી તરફ ધનઝરી શૈલમાળા હતી. માઈલેક ચાલ્યા પછી અમે પહાડની તળેટી આગળ આવી પહોંચ્યા. થોડે દૂર ઊંચે ગયા પછી એક સમતલ જગ્યા આવી. એ જગ્યાની વચ્ચોવચ જ એક પ્રાચીન પિયારનું વૃક્ષ હતું. વૃક્ષના થડને લતા અને ફૂલોથી મઢી લીધું હતું. રાજા દોબરૂએ કહ્યું, આ વૃક્ષ ઘણું જૂનું છે. હું બાળક હતો ત્યારનો જોતો આવ્યો છું કે આ વૃક્ષની નીચે ઝૂલનને વખતે સ્ત્રીઓ નાચે છે.

અમે એક બાજુ તાડના પાનની ચટાઈ પાથરી તે પર બેઠાં, પછી ચાંદનીથી રસેલી એ ભૂમિમાં લગભગ ત્રીશેક છોકરીઓ ઝાડની આસપાસ ગોળાકારમાં નૃત્ય કરવા લાગી. જોડે જોડે મૃદંગ વગાડતાં વગાડતાં યુવકોનું જ દળ પણ એમની

જોડે નાચતું હતું. ભાનુમતિ એ દળની સરદાર હતી. સ્ત્રીના માથામાં ફૂલના ગજરા હતા, ને શરીર પર ફૂલનાં ઘરેણાં હતાં.

મોડી રાત સુધી આ નૃત્ય ને ગીત સતત ચાલ્યાં કર્યા. વચ્ચે વચ્ચે નર્તકનર્તકીઓ થોડો વખત આરામ લેતાં ને પાછાં નૃત્ય શરૂ કરતાં. મૃદંગના બોલ ચાંદની વર્ષાને લીધે સ્ત્રીઓનું દળ એ બધાના મિશ્રણથી કોઈ મોટા ચિત્રકારે જાણે આંકેલુ હોય એવું આ ચિત્ર મધુર લાગતું હતું. એમનું આ આકુળ આવેદન કોઈ મધુર સંગીત જેવા ભાવો ઉપજાવતું હતું.

ભાનુમતિ અને એની સખીઓના નૃત્યમાં ભારતના આદિકાળની સંસ્કૃતિ મૂર્તિમંત થતી હતી. હજારો વર્ષ પહેલાં આવાં કેટલાંયે વનો, કેટલીય પર્વતમાળાઓ, આવી કેટલીય ચાંદની રાતો ભાનુમતિ જેવી કેટલીયે બાલિકાઓના નૃત્યચંચલ ચરણોના છંદે આકુલ બની હતી; તેમના મુખનું હાસ્ય આજે પણ જીવંત છે. આ બધાં ગુપ્ત અરણ્યો ને શૈલમાળાઓની આડમાં છૂપાં રહીને તેઓ તેમના વર્તમાન વંશજોના લોહીમાં આજે પણ આનંદ ને ઉત્સાહની વાણી પાઠવે છે." (પૃ. ૧૯૦-૧૯૫) આદિવાસી સમાજના ઉત્સવો માણ્યા પછી એનાં રીતરિવાજો કેવા છે તે ચકાસીએ.

૪.૪.3 રીત-રિવાજો:

આદિવાસી સમાજને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજના રીતરિવાજો કેવા છે તે ચકાસીએ. કથાનાયક કહે છે, "અચાનક કોઈ સ્ત્રીના રડવાનો અવાજ સાંભળી હું ચોંક્યો. જરા દૂર ચઢાવ પર પહાડી યુવકયુવતીઓ ટોળટપ્પાં કાંકતાં હતાં. એ લોકો મસ્ત હતાં. પણ આ રડવાનો અવાજ પણ ત્યાંથી જ આવતો હતો. શાનું રુદન હતું એ? શું કોઈ મરી ગયું? મેં એક જણને પૂછ્યું, તો ખબર પડી કે એવું કાંઈ નહોતું. કોઈક વહુવારુને એના પિયરના ગામની કોઈ સ્ત્રી મળી હતી. અહીંનો રિવાજ જ એવો છે કે કોઈ સ્ત્રીને ઘણા સમય પછી કોઈ પિયરની સ્ત્રી, કોઈ સખી અથવા બીજુ કોઈ સુપરિચિત મળી જાય, તો બંને મોટેમોટેથી રડવા મંડી જાય. કોઈ અજાણ્યાને તો એમ જ લાગે કે કોઈ મરી ગયું છે, પણ ખરું જોતાં એકબીજાનો સત્કાર કરવાનો આ એક પ્રકાર છે. રડે નહિ તો નિંદા થાય. જો કોઈ સ્ત્રી પોતાના પિયરની સ્ત્રીને જોઈને ન રડે તો એનો અર્થ એવો થાય, કે એ સાસરે ઘણી સુખી છે, પણ એ તો સ્ત્રીઓ માટે ઘણું શરમજનક ગણાતું." (પૃ. ૬૬)

બીજે દિવસે સવારે ઊઠીને જોઉં છું, તો ભાનુમતિની ઉંમરની ત્રીશેક છોકરીઓ આસપાસનાં ગામોમાંથી ઉત્સવમાં ભાગ લેવા આવી હતી. મેં આ લોકોમાં એક સારો રિવાજ જોયો, કે આવા નાચગાનમાં પણ આ લોકોમાંથી કોઈ મહુડાંનો દારૂ પીતા નહોતા. રાજા દોબરૂને પૂછતાં એણે હસતાં હસતાં સગર્વ કહ્યું,

અમારા વંશમાં સ્ત્રીઓ દારૂ પીતી નથી. એ ઉપરાંત મારી રજા સિવાય કોઈની ખેર નથી કે મારાં બાળબચ્ચાંની સામે દારૂ પીએ." (પૃ. ૧૯૩) આદિવાસી સમાજમાં આમ જોઈએ તો દારૂ પીતા જ હોય છે, પરંતુ દારૂ પીવામાં નથી આવતો એ રિવાજ છે તથા બીજું કે પિયરમાંથી આવેલ નજીકનું સગું કે બહેનપણીનો રડીને સત્કાર કરવાનો રિવાજ. આમ આદિવાસી સમાજના રિવાજ જોયા પછી આવકાર આપવાની રીતરસમ કેવી છે? તેનો અભ્યાસ કરીએ.

૪.૪.૪ આવકાર:

આદિવાસી સમાજ ને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજમાં સ્વાગત કરવાની રીત કેવી છે તે વિશે કૃતિ સંદર્ભ ટાંકીએ. "થોડી વારમાં એક પિત્તળની રકાબીમાં કાપેલાં ફળો ને વાડકીમાં ગરમ દૂધ લઈને ભાનુમતિ આવી ને એની પાછળ પાછળ શાલનાં પાંદડાંમાં છૂટાં પાન, થોડાં સોપારી ને બીજો પાનનો મસાલો લઈને એની ઉંમરની એકબીજી છોકરી આવી." (પૃ. ૧૯૧)

"નકછેદી સડાક દઈને ઊભો થઈ ગયો ને કપાળે હાથ લઈ જઈ મને સલામ કરી. એણે કહ્યું, એઈ મંચી, બાબુજીને બેસવા માટે કાંઈ પાથર." (પૃ. ૧૫૧)

આદિવાસી સમાજમાં જે આવકાર આપવાની રીત છે, તે ભલે લોકો તાપણા માટે બેઠા છે પરંતુ ત્યાં કથાનક જાય છે, ત્યારે પણ આવકાર આપવાનું ચૂકતા

નથી. તે કથાનાયક સાથેના સંવાદમાં જોઈએ. “જઈને મેં પૂછ્યું, કેમ ભાઈ ! શું કરો છો ? એ દળમાં એક વૃદ્ધ પુરુષ હતો, તેને સંબોધીને મેં કહ્યું હતું. તે ઉઠીને ઊભો થયો ને મને સલામ કરીને, બેસીને તાપવાની વિનંતી કરી.” (પૃ. ૧૪૨) આપણે આદિવાસી સમાજમાં આવકારવાની વાત કરી. હવે આપણે એમનો પોશાક કેવો છે તે જોઈએ.

૪.૪.૫ પોશાક:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજનો પહેરવેશ કેવો છે, તે સમજીએ. “ટોલાના બધા લોકો ધોયેલું ધોતિયું ને પહેરણ પહેરીને ઘાસની વણેલી એક મોટી સાદડી પર બેઠા હતા.” (પૃ. ૨૪૩)

“શરીર પર ખમીસ કે બંડી કાંઈ નહોતું. એક મેલું ફાટેલું ધોતિયું એણે પહેર્યું હતું.” (પૃ. ૪૬)

એક મેલું એવું ધોતિયું ને બંડી પહેર્યાં હતાં. પગમાં કંઈ નહોતું.” (પૃ. ૫૨)

"આંગણામાં ઘણા લોકો એકઠા થયા હતા. એમાંના મોટા ભાગના લોકો ગંગોતા હતા. એમણે ફાટેલાં મેલાં કપડાં પહેર્યાં હતાં. આખા શરીર પર અબીલ લગાડ્યું હતું." (પૃ. ૯૮)

"એ સ્ત્રીએ એક ફાટેલીતૂટેલી ને મેલી એવી ચૂંદડી પહેરી હતી." (પૃ. ૫૯)

"ભાનુમતિએ જાંબુડા રંગનું લૂગડું પહેર્યું હતું. એ લૂગડું એનાં ઘૂંટણ સુધી જ લાંબું હતું. ગળામાં લાલ ને લીલા રંગના પથ્થરના દાણાની માળા હતી. માથામાં પોયણાનું ફૂલ નાખ્યું હતું. ભાનુમતિ વધારે તંદુરસ્ત ને લાવણ્યમયી લાગતી હતી." (પૃ. ૧૯૧)

ભાઈઓના પોશાક વિશે વાત કરીએ તો બંડી, ખમીશ અને ધોતિયું; જ્યારે બહેનોનો પહેરવેશ જોઈએ તો ચૂંદડી ને લૂગડું વગેરે જોવા મળે છે. આમ, પોશાકની વાત કરી. હવે આપણે એમના વ્યસન વિશે વાત કરીએ.

૪.૪.૬ વ્યસન:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજમાં વ્યસનનો કેટલે અંશે વ્યાપ છે, તે જોઈએ. "ભાંગ એ લોકો ખૂબ પીતા, પણ ભાંગની ખરીદી કરતા નહોતા. લવટૂલિયા ને ફૂલકિયાનાં જંગલોમાં ખૂબ ભાંગ મળતી. પાંદડાં તોડી લાવ્યા એટલે પત્યું. કોણ જોવા બેઠું છે." (પૃ. ૧૪૮)

“હું જ્યારે તંબુમાં પાછો આવીને ચા પીતો હોઉં, ત્યારે એ બન્ને છોકરીઓ મારા તંબૂ આગળથી ભેંસ લઈને ઘેર જતી હોય. એક દિવસ મોટી છોકરીએ રસ્તા પર ઊભી રહીને નાની છોકરીને મારા તંબૂમાં મોકલી. એણે આવીને કહ્યું, બાબુજી સલામ ! બીડી પીઓ છો ? હું નથી પીતી. મોટી બહેન પીએ છે. એક બીડી આપો ને બાબુજી, હોય તો.” (પૃ. ૧૭૮)

“ધૂળવાળા પથરા ભીંજાઈને સ્વચ્છ બની ગયા હતા, ને તેથી કાળા દેખાતા હતા. તેની પર બેસીને ગોવાળો શાલનાં પાંદડાંની લાંબી બીડી ફૂંકતા હતા.” (પૃ. ૧૯૦)

“બકાઈને વૃક્ષની નીચે, એક ડોસાને લીલા શાલના પાતરમાં તમાકુ નાખી, પાતરાંની બીડી વાળી એ પીતો જોયો.” (પૃ. ૧૬૧)

“પુરુષો એક પૈસાની દશવાળી કાળી સિગારેટ ખરીદતા હતા.” (પૃ. ૬૬)

આદિવાસી સમાજમાં મહદ્અંશે પુરુષો અને સ્ત્રીઓ પણ વ્યસન કરતાં જણાય છે. જેમાં બીડી, સિગારેટ, તમાકુ વગેરેનું સેવન કરતાં જોવા મળે છે. હવે આપણે આદિવાસી સમાજનું રહેઠાણ કેવું છે, તે જોઈએ.

૪.૪.૭ રહેઠાણ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજનું રહેઠાણ કેવું છે, તેની સમાલોચના કરીએ. હવે એ લોકોના ઘરની વાત કરીએ. "અમારા મહાલમાં દશ હજાર વીઘાં જમીનમાં જે નવાં ગામો વસ્યાં હતાં, તેમાં સારામાં સારાં ઘરો પણ જંગલનાં કાશ વૃક્ષનાં પાંદડાંથી છવાયેલાં હતાં. કાશનાં પાંદડાં જમીન પર છાપેલાં હતાં. ભીંત પણ એની જ. ક્યારેક કાશનાં પાંદડાંની ભીંત પર માટી પાથરેલી હતી. પણ ઘણાં તો માટી છાયાં વિનાનાં હતાં. અહીં વાંસ વિશેષ પ્રમાણમાં થતા નહોતા, આથી ઘરની વળીઓ, થાંભલાઓ વગેરે કેંદ, વિયાર કે વનનાં બીજાં વૃક્ષોની જાડી ડાળીઓનાં બનાવેલાં હતાં." (પૃ. ૨૪૦-૨૪૧)

કથાનાયક વર્ણવે છે કે, "લગભગ દસ વાગે હું કચેરીએ પહોંચ્યો. જંગલમાં જ લગભગ દસબાર વીઘાં સાફ કરીને થોડાં ઘાસથી છવાયેલાં ઝૂંપડાં તૈયાર કર્યા હતાં. જંગલના જ લાકડાં, જંગલનાં જ વાંસ ને જંગલનું જ ઘાસ વાપર્યું હતું. ઝૂંપડાંમાં જમીન પર લીંપણ કર્યું હતું. આ બધા ઝૂંપડાં જ બાંધ્યાં હોય એમ લાગતું હતું. ઝૂંપડાની અંદર જતાં જ ભીના ઘાસની, તાજાં લીંપણ ને લીલા વાંસની વાસ આવતી હતી. પૂછતાં ખબર પડી કે પહેલાં કચેરી જંગલની બીજી બાજુએ હતી. પણ ત્યાં શિયાળામાં પાણી સહેલાઈથી મળતું નહિ, એટલે થોડા

વખત પહેલાં જ અહીં આ નવાં ઝૂંપડાંઓ બાંધ્યાં હતાં. પાસે જ ખળખળ ઝરણું વેગથી વહેતું હતું, એટલે પાણીની કશી મુસીબત નહોતી.” (પૃ. ૧૭-૧૮)

“સરસિયાંના ખેતરની વચમાં કાશથી છાયેલાં લોકોનાં ઝૂંપડાં હતાં. બૈરાંછોકરાં જોડે આવી કડકડતી ઠંડીમાં કાશની ઝૂંપડીમાં એ લોકો શી રીતે રહેતા હશે ?” (પૃ. ૧૩૫)

“બધે ઘાસ કે તાડછાંથી છવાયેલાં છાપરાં હતાં. નાનાં નાનાં ખંડ, બારીનું તો નામનિશાન ન મળે. કેટલાંક ઘરોમાં તો અજવાળું કે હવાનો પણ અભાવ.” (પૃ. ૮૫)

ગુફાના મુખથી થોડે દૂર ઝરણા આગળ એક ગોંડ કુટુંબ રહેતું હતું. બે ખૂપરીઓ હતી; એક નાની, એક મોટી. ડાળીઓ ને વૃક્ષનાં પાંદડાંથી છાપરાં છાયાં હતાં. ઝૂંપડાંની સામે ખુલ્લી જગ્યામાં પથ્થરના ટુકડા કરીને ચૂલો બનાવ્યો હતો. મોટા એક બદામવૃક્ષની નીચે એક ખૂપરી હતી. બદામનાં પાકાં પાંદડાંઓ જે ખરતાં હતાં તેનાથી આંગણું ભરાઈ ગયું હતું.” (પૃ. ૧૭૭)

ઝૂંપડીમાં ડોકું કરીને જોયું તો, પથારી કે રાચરચીલા જેવું કશું એમાં નહોતું. જમીન પર સૂકું ઘાસ પાથર્યું હતું. વાસણકૂસણમાં એક કાંસાનો મોટો વાડકો ને એક લોટો હતાં. શરીરે પહેરેલાં તેટલાં જ કપડાં તે સિવાય એક પણ કપડું ઘરમાં

નહોતું. ભલે કપડાં ન હોય પણ રજાઈ, કામળો વગેરે આ ઠંડીમાં ઓઢવાનું કેમ કંઈ જણાતું નથી? રાતે એ લોકો શું ઓઢતા હશે? મેં તો મારા મનની શંકાઓ એમને પૂછી. ડોસાનું નામ નકછેદી ભગત હતું. એ જાતનો ગંગોતા હતો. કેમ? ઝૂંપડીમાં અડદનાં છોડાંનો ઢગલો પડ્યો છે, તે જુઓ ને? હું કશું સમજ્યો નહિ. એ છોડાંને બાળીને આગ પેટાવો છો? નકછેદી મારું અજ્ઞાન જોઈને હસ્યો. એમ નથી, બાબુજી ! છોડાંનાં ઢગલામાં ભરાઈને બાળકો સૂએ છે. હું પણ શરીર પર એ છોતરાંનો ઢગલો કરીને સૂઉં છું. જુઓ ને આ છોડાં ઓછામાં ઓછાં પાંચ મણ હશે. એ ભૂસામાં ઘણી ગરમી હોય છે. એટલી ગરમી તો શરીર પર બે કામળા ઓઢવાથી પણ ન મળે. ને અમે કામળો લાવીએ પણ ક્યાંથી? તમે જ કહો." (પૃ. ૧૪૨-૧૪૩)

"રાજધાની ઘણી નાની હતી. ત્યાં વીસપચ્ચીસ ઘર હશે. નાનાંનાનાં માટીનાં ઘરો હતાં. તાડછાંથી છાયેલાં, બહુ સ્વચ્છ હતાં, લીંપણગૂંપણ બહુ સરસ રીતે કર્યું હતું. દીવાલ પર સાપ, કમળ, લતા વગેરેનાં ચિતરામણો હતાં." (પૃ. ૧૬૦)

"બે માળના બેઢંગા ઘરોની ભીડ, જ્યાં-ત્યાં માણસો, કાંટાની વાડો, નળિયાં કે તાડછાંના છાપરાં, છાણાંનો ને છાણનો ઢગલો હોય એવા ગાયો. ભેંસોનાં કોઢાળાં, ને ત્યાં જ ગોવાળનો વાસ પાણીનાં રેંટ, મેલાં કપડાંવાળાં માણસો, હનુમાનના

મંદિરની ધજા, ગળામાં રૂપાનાં માદળિયાં પહેરીને બાલકબાલિકાઓની રસ્તા પર ધૂળમાં રમત...” (ર. લો. ૧૦૮-૧૦૯)

આદિવાસી સમાજના રહેઠાણની વાત કરતાં એમાં વિશેષતા જોવા મળે છે. હવે આપણે એમની ખાણીપીણી વિશે વાત કરીએ.

૪.૪.૮ ખાણીપીણી:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજની ખાણીપીણીની રીતો કેવી છે તે વિશે ઊંડી તપાસ કરીએ. “આ જંગલમાં બીજી એક સગવડ છે, પહાડ પર જંગલમાં એટલાં બધાં આતાફળ છે કે મહિનામાં તો આ છોકરીઓ પહાડ ને જંગલમાંથી બબ્બે ટોપલી આતાફળ લઈ આવે છે. બે મહિના અમે એ ફળ પર જ કાઢ્યા છે, એ ફળના લોભને લીધે પણ અમે અહીં રહ્યાં છીએ. આ છોકરીઓને જ પૂછો ને ? મોટી છોકરી એ ખાતાં ખાતાં ઉલ્લાસથી બોલી, એ જગ્યા છે, આ પૂર્વ તરફના પહાડના ખૂણામાં ત્યાં ખૂબ આતાફળો છે. પાકેલાં કેટલાંય ફળો જમીન પર પડ્યાં હોય છે. કોઈ એ ફળને લેતુંય નથી. અમે ટોપલી ભરી ભરીને લઈ આવતાં હતાં.” (પૃ. ૧૭૯)

કથાનાયક અને ગનુ વચ્ચેનો સંવાદ, “ગનુ અહીં તું ખાવાનું શું કરે છે ? અહીં દુકાનબુકાન તો કંઈ લાગતી નથી. તો ચોખા-દાળ એ બધી જોઈતી ચીજો

મળે છે ક્યાંથી ? હજૂર ! દુકાનેથી ચીજો ખરીદવા જેટલા પૈસા ક્યાં છે, મારી પાસે ? ને બંગાળી બાબુની જેમ ભાત ખાવાનો પણ અમને ક્યાં મળે ? આ જંગલની પાછલી બાજુએ મારી બે વીઘાં ખેતીની જમીન છે. ખેડીના દાણા, સિદ્ધ ને જંગલમાં બાથુયા શાક થાય છે, તે ને મીઠું ખાઈ લઉં છું. ફાગણ મહિનામાં આ જંગલમાં ગરમર ફળ ફળે છે. એ ફળ ને મીઠું બહું સ્વાદિષ્ટ લાગે. નાનાંનાનાં એનાં ફળ હોય છે. એ વખતે એક મહિનો આ પ્રદેશમાં રહેતા બધા લોકો એ ખાઈને જ પેટ ભરે છે. સ્ત્રીઓનાં ટોળેટોળાં એ જ લેવા માટે આવી રહે છે. મેં પૂછ્યું, રોજ રોજ ખેડીના દાણા, સિદ્ધ ને જંગલનું નાથુયા શાક ભાવેય શી રીતે ? શું કરું હજૂર ! અમે રહ્યા ગરીબ માણસ. બંગાળી બાબુની જેમ અમને ક્યાંથી ભાત ખાવા મળે ? આ પ્રદેશમાં ભાત ફક્ત રાસબિહારીસિંગ ને નંદલાલ પાંડે ખાય છે ને સાંજે જ્યારે પાછો ફરું ત્યારે એટલી ભૂખ લાગે છે કે જે ખાવાનું મલે તે ભાવે." (પૃ. ૩૪)

"આ પ્રદેશમાં શાકભાજી ખાસ મળતા નથી, તોપણ જગરૂ કોણ જાણે ક્યાંથી વેંગણ ને બટાટા લઈ આવ્યો હતો. અડદની દાળ, પંખીઓનું માંસ, ઘેર બનાવેલું ચોખ્ખું ઘી ને દૂધ. જુગલપ્રસાદે બનાવેલી રસોઈ પણ સ્વાદિષ્ટ હતી." (પૃ. ૨૬૦)

“જરા અમથો ભાત ખાવાનો મળશે એ આનંદે એઓ ભીમદાસ ટોલાથી આવો પહાડી માર્ગ કાપીને નવ માઈલનો રસ્તો વટાવી આવ્યા અને તે પણ આમંત્રણ વિના ! તેમની આનંદ ગ્રહણ કરવાની શક્તિ કેટલી સતેજ છે.” (પૃ. ૨૯)

કથાનાયક કહે છે કે, “મને ખબર જ નહિ કે આવી ગરીબી હોઈ શકે. બંગાળા ભલે ગમે એટલો ગરીબ હોય, પણ આ પ્રદેશના સાધારણ લોકોની સરખામણીમાં બંગાળાના ગરીબ લોકો પણ આપણને વધારે સારી અવસ્થાવાળા લાગે. આટલા મુશળધાર વરસાદમાં આ લોકો આવ્યા હતા. સીંગ, દહિં, ગોળ ને લાડું ખાવા આવ્યા હતા. અહીં તો એ જ સારું ખાદ્ય ગણાતું.

“એકાદ અઠવાડિયા પછી પટવારી દ્વારા દોષાદ પાડાની કેટલીક સ્ત્રીઓને તથા તેમનાં છોકરાંઓને જમવા બોલાવ્યાં ને તેમને પૂરી, માછલી, ખીર, દહીં, પાયસ, ચટણી વગેરે જીવનમાં એ લોકો કદીયે કલ્પના ન કરી શકે એવું ખવડાવ્યું.” (પૃ. ૫૦-૫૧)

“એક મોટી માટીની હાંડલીમાં મકાઈ ઉકાળ્યાં હતાં, અને શાલનાં લીલાં પાન પર એ લોકો જમવા બેઠા હતા. મીઠા સિવાય બીજો કોઈ મસાલો એમાં નહોતો.” (પૃ. ૬૩)

"ફક્ત બે ટંક ખાવાનું મળે એટલા માટે આ કુમળું બાળક આ મંડળીમાં ભળ્યું હતું. પૈસામાંથી એને ભાગ મળતો નહોતો, ને ખાવાનું પણ એને શું મળતું હતું. સિંગદાણા ને મીઠું બહું બહું તો એની જોડે ક્યારેક શાકભાજી અને તે પણ બટાટા કે પરવળ નહિ, પણ શેકેલું જંગલી ગુડમી ફળ, અથવા તો બાફેલું શક્કરિયું. આમ છતાં એનાં મુખ પર હમેશાં હાસ્ય ફરકતું એનું સ્વાસ્થ્ય અદ્‌ભૂત હતું ને આખા શરીર પર લાવણ્ય ચમકતું હતું." (પૃ. ૭૩)

"મંચી રાંધવા બેઠી. રસોઈ કાંઈ કરવાની નહોતી; જાડી જાડી હાથે ઘડેલી બેચાર ભાખરી અને જંગલી ધૂંધૂલનું શાક. નકછેદી ક્યાંકથી વાડકામાં ભેંસનું દૂધ લઈ આવ્યો." (પૃ. ૧૮૮)

"એક દિવસ જોયું, કે એક કોઈ નવા માણસના આંગણામાં બેસીને ગનોરી તિવારી શાળાના શિક્ષક શાલનાં પાંદડાં પર અડદનો બાફેલો લોટ તેલ નાખીને ખાતો હતો." (પૃ. ૨૩૦)

"તાપણાની બીજી બાજુ બેસીને એક સ્ત્રી કંઈ રાંધતી હતી. મેં પૂછ્યું, શું રાંધે છે ? નકછેદીએ કહ્યું ઘાટા. એ વળી શું છે ? બાબુજી ! ઘાટા ખબર નથી ? ઉકાળેલી મકાઈ. જેમ ચોખાને ઉકાળીએ ભાત થાય, તેમ મકાઈને ઉકાળીએ તો ઘાટા થાય." (પૃ. ૧૪૩)

આમ, આદિવાસી સમાજની ખાણીપીણીની વાત કરીએ તો મોટાભાગે જંગલમાંથી મળતી વિવિધ ખાદ્ય ચીજો પર નભે છે. જંગલમાંથી મળતું શાક, ફળફળાદી પર પોતાનો દિવસ પસાર કરે છે. ભાત ખાવાનો મળતો નથી. ક્યારેક પ્રસંગે અથવા તહેવારે કચેરીએ સારું, સિંગ, ચણા, ભાત, લાડુ વગેરે સ્વાદિષ્ટ ભોજન મળે છે. નહિ તો ઘાટા ઉકાળીને તથા અડદનો લોટ તથા ક્યારેક ક્યારેક દૂધ, ઘી, દહીં, છાશ વગેરે પણ ખોરાકમાં આરોગે છે. છતાં આ જ પરિસ્થિતિ એમને ખડતલ - મજબૂત બનાવે છે.

૪.૪.૯ અંધશ્રદ્ધા:

આદિવાસી સમાજને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજની શ્રદ્ધા વિશે થોડી વાત કરીએ. કથાનાયક કહે છે કે, ધર્મ વિશે તો વાત કરવા જેવી જ નથી. આ લોકો હિંદુ હતા, પણ તેત્રીસ કરોડ દેવોમાંથી એમણે કોણ જાણે શાથી હનુમાનજીને ગોતીને બહાર કાઢ્યા હતા. તે કાંઈ સમજતું નહોતું. પ્રત્યેક ગામમાં એકાદ ઊંચી હનુમાનજીની ધજા નજર ચડવાની જ. એ ધજાની પદ્ધતિસર પૂજા થતી ને એની પર સિંદૂર ચડાવવામાં આવતું. રામસીતાનું નામ ક્યારેક સંભળાતું, પણ એમના સેવકના ગૌરવ એ દેવોને પછીતમાં નાખી દીધા હતા. વિષ્ણુ, શિવ, દુર્ગા, કાલી વગેરે દેવ-દેવીની પૂજાનો પ્રચાર ઝાઝો નહોતો.

૫. ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે, ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિને જોતાં નીચે જેવા મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

૫.૧ રૂઢિપ્રયોગો:

આદિવાસી સમાજમાં પ્રચલિત કૃતિ સંદર્ભે નીચે જેવા રૂઢિપ્રયોગોનો ઉપયોગ એમની વાણીમાં કરવામાં આવેલ છે.

કાગનો વાઘ કરવું. (પૃ. ૯૦)

આંજણ આંજ્યાં. (પૃ. ૧૨૩)

ગાંઠના આખ્યા કરવું. (પૃ. ૨૨૭)

૫.૨ કહેવતો:

આદિવાસી ગંગોતા સમાજમાં કહેવાતી કહેવતો આ પ્રમાણે છે:

ચોર કોટવાલને દંડે. (પૃ. ૭૮)

જેની લાઠી તેની ફસલ (પૃ. ૧૩૧)

સૂંપડું સ્વર્ગમાં જાય તો પણ અનાજ ઝાટકે (પૃ. ૧૯૮)

૫.૩ બોલી:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે દોષાદ અને ગંગોતા આદિવાસી સમાજમાં બોલાતી બોલીનો સંદર્ભ નીચે પ્રમાણે છે:

૧) આ રે નીલ ગાઈઆ તો ભાગલૂયા હૈ રે છનિયા હૈ... હૈ... જલદી પકડો (પૃ. ૨૦૩)

૨) ઈ.સ. એમાં બીવાનું શું ? (પૃ. ૨૦૪)

૩) બોલો રે બહિનિયા તોહર કિર... ગુડગુડીએ સાંભળતાં જ બોલી ઊઠી, ગુડ..ડ..ડ..ડ.. (પૃ. ૨૦૬)

૪) દક્ષિણ બિહારની છિકાછિકી ગામઠી બોલીમાં મનોરમ રીતે મંચી કથાનાયકને પૂછવા લાગી, બઈહારનો મેળો જોયો ને બાબુજી ! મેં કહ્યું, તું કે નાચ-ગાયન-તમાશો બધું થશે. (પૃ. ૧૫૨)

આમ, દક્ષિણ બિહારની ગામઠી બોલીનો સંદર્ભ પ્રાપ્ત થાય છે.

૬. આદિવાસી સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા આંકન આ મુજબ કહી શકાય. 'આરણ્યક'નાં વર્ણનો વિશે બીજા એક બે મતો આવા પણ છે.

૧) "'આરણ્યક'માં વર્ણનોનો અતિરેક થયો છે." - ને આ વાતમાં તથ્ય છે.

૨) "'આરણ્યક'નાં વર્ણનોમાં એકવિધતા છે, જે એની આકર્ષકતાને થોડી મોળી પાડી દે છે. આ ઉપરાંત આપણે ઉમેરી શકીએ કે કેટલાંક વર્ણનો સામાન્ય કક્ષાનાં છે ને ટાળી શકાયાં હોત. પણ કૃતિ પ્રકૃતિરાગના મહાકાવ્યરૂપે લખાયેલી હોવાથી સર્જકે તો પોતાની મસ્તીને રોકી નથી. ને એનાથી નવલકથાના સૌંદર્યને ખાસ હાની થતી નથી. (પૃ. ૧૧૦)

નીચેના શબ્દોમાં સુધારો કરી શકાય તો કૃતિની સચોટતા વધારે થઈ શકે.

સાચો શબ્દ		ખોટો શબ્દ	સાચો શબ્દ		ખોટો શબ્દ
કામળા	-	કામ (પૃ. ૧૪૩)	વીતાવેલી	-	વીતાવલી (પૃ. ૨૫૯)
વિશે	-	વિષે (પૃ.૨૨૧)	ડાંળખીઓ	-	ડાંખળીઓ (પૃ. ૧૪૫)
વાછરડા	-	છારડા (પૃ. ૨૦૪)	ચરાવતાં	-	ચતાવતાં (પૃ. ૨૦૭)
જરાય	-	રજાય (પૃ. ૨૦૯)	દુ:ખ	-	દ:ખ (પૃ. ૨૩૪)
રાજા	-	રજા (પૃ. ૨૫૪)	ઝૂંપડી	-	ઝંપડી (પૃ. ૧૪૧)
સૂઝ્યું	-	સૂયું (પૃ. ૧૮૧)			

આમ, કૃતિમાં નાની મોટી પ્રિન્ટીંગમાં ભૂલો જોવા મળે છે, જે કૃતિ સંદર્ભે સીમિતતા કહી શકાય.

૭. ઉપસંહાર :

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'આરણ્યક' નવલકથા 'અરણ્ય' એટલે કે 'જંગલ' અને 'આરણ્યક' જે જંગલમાં રહે છે અને જંગલમાં રહેનાર એટલે કોણ? આદિમ સમાજ આદિવાસી સમાજ જેનો જીવનનિર્વાહ જંગલ ઉપર નભે છે. અરણ્ય જેની મૂડી છે. અરણ્ય જેનો સુખ દુ:ખનો સાથી તથા અરણ્ય એમના આદિમ દેવતા છે તે આદિવાસી સમાજની વાત કરવામાં આવે છે. 'આરણ્યક' નવલકથાનું કથાવસ્તુ કલકત્તા, છોટાનાગપુર, પટણા, બિહાર અને નેપાળના તેરાઈના જંગલો સાથે જોડાયેલું છે. આદિવાસીજનો ભાવકની સહાનુભૂતિ જીતી લે છે. એ તો ખરું પણ એમની પાસેથી જીવનની વિવિધ રીતિઓ અને વેદનાની વેળામાં ટકી રહેવાનું બળ પણ ભાવકને મળે છે. અરણ્યોનાં વાસીઓમાં છળકપટ નથી, પડાવી - પચાવી લેવાની વૃત્તિ નથી. પેટ માટે ખાવા મળ્યું ને બે માનવાચક શબ્દો કે થોડો પ્રેમ મળ્યો તો બસ. એ લોકો રાજી રાજી રહે છે. વિધિની વક્રતાનો ભોગ બનવાનું પણ આ વ્યક્તિઓના ભાગ્યમાં લખાયેલું છે એ બધી સ્થિતિઓ વેઠી લે છે, પણ પેટ સિવાય એમની બીજી કોઈ સમસ્યા નથી એટલે અરણ્યોમાંથી જે મળે છે એમાં એ રમમાણ રહે છે. આપણી નાગરિક સભ્યતાથી પણ એ તો દૂર છે - નિજમાં મસ્ત છે. આદિકાળના માણસની સરળતા અને પ્રામાણિકતા આ આદિજનોમાં છે. આમ, આદિવાસી સમાજનું ચિત્ર ઉપસી આવે છે. આદિવાસી

સમાજનું આંતરિક અને બાહ્ય સ્વરૂપ તથા અન્ય સમાજ સાથેનો એમનો નાતો કેવો ઘરોબો કેળવે છે. જંગલમાં જ એમની ખેતી છે અને આર્થિક પરિસ્થિતિ ખૂબ જ દયનીય છે. આદિવાસી સમાજની સંસ્કૃતિ બોલી, ભાષા વિશેષતા લાવનારી છે. આમ, આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'આરણ્યક' નવલકથાનું કથાતત્વ જીવંત પામેલ છે.

સંદર્ભ :

૧) બંદોપાધ્યાય બિભૂતિભૂષણ, 'આરણ્યક', સાહિત્ય અકાદમી, નવી દિલ્હી, પ્ર.આ. ૧૯૬૧, રીપ્રિન્ટ ૨૦૦૫

●

પ્રકરણ : ૩.૨

‘ઇયારુઇંગમ્’

(૧૯૯૬)

- વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્ય

- અનુવાદક : ભોળાભાઈ પટેલ

પ્રસ્તાવના:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે મારા સંશોધનના વિષયમાં ‘ઇયારુઇંગમ’ નવલકથાનો અભ્યાસ કરવા માટે નિર્ણય કર્યો છે જે અસમિયા નવલકથાનું સર્જન વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્યએ કર્યું છે. જેનો ગુજરાતી ભાષામાં અનુવાદ ભોળાભાઈ પટેલ દ્વારા પ્રાપ્ત થયો છે. સાહિત્ય અકાદમી, નવી દિલ્હી

દ્વારા તેનું પ્રકાશન કરવામાં આવ્યું છે. તેની પહેલી આવૃત્તિ ૧૯૯૬માં પ્રગટ કરવામાં આવી હતી.

તેનો આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે વિશેષ સંબંધ અને પરિચય કેળવીએ. હવે આપણે સમગ્ર નવલકથાના સાર વિશે વાત કરીએ.

૧. કથાસાર:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'ઇચારુઇંગમ'ને મૂલવતાં જોઈએ તો બીજા વિશ્વયુદ્ધથી આરંભાયેલી આ કથા ગાંધીજીના મૃત્યુ સુધીના સમયગાળામાં વિસ્તરે છે. સરહદી રાજ્યોને બીજા વિશ્વયુદ્ધનાં જે અનુભવ થયાં એ ભારતનાં બીજાં રાજ્યો કરતાં જુદાં હતા. આસામ, નાગાલૅન્ડ અંગ્રેજો અને જાપાનીઓનું કુરુક્ષેત્ર બન્યાં હતાં. અંગ્રેજોથી આશ્વાસિત નહીં થયેલી જનતાને હવે 'નવી સરકાર'માંય રસ નથી. ઉખ્રુલની સરકારી કચેરી પરથી યુનિયન જેક ઊતરીને તિરંગો લહેરાતો થયો તોય પ્રશ્નો ત્યાંના ત્યાં જ રહ્યા હતા. આતંકવાદને જ્યારે કળાકારનો સ્પર્શ થાય છે ત્યારે કેવી કૃતિ નીપજે એનું આ ઉદાહરણ છે. ભાવકને તેથી ગુલઝારની 'માચિશ' ફિલ્મ યાદ આવી શકે. જ્ઞાતિ, રિવાજો એની પ્રબળ પકડ અને એની સામે ઝઝુમતા મનુષ્યનાં પ્રેમ કે સ્વતંત્રતાનાં સનાતન મૂલ્યોની સંઘર્ષકથા પણ આ નવલકથા છે. તેથી એમ કહી શકાય કે આઝાદ હિન્દ ફૌજ,

ગાંધીજી, સુભાષચંદ્ર બોઝ, આઝાદીના અન્ય ઉલ્લેખો - સત્યાગ્રહ, હિંદ છોડો આંદોલન, હીરોશીમા - નાગાસાકીના ઉલ્લેખો જેવી સઘળી દસ્તાવેજી સામગ્રી સર્જક-સ્પર્શથી કૃતિમાં એકરસ બની ગઈ છે. પ્રદેશવાદના છાપાળવા ચહેરાને અહીં લેખકે જરાય ડોકાવા દીધો નથી. મુખ્ય ધારા (mainstream)થી કપાઈ ગયેલા યુવાનોને સમજવાની આ નવલકથા કોશિશ કરે છે. કથાનાયક રિશાંગ તેથી જ વિરોધી વિચાર-સરણીવાળા વિડેશ્યેલી, એનભિ, ફાનિટફાંગ જેવા યુવાનો પ્રત્યે અને નાજેક જેવા વડીલ પ્રત્યે ભારોભાર અનુકંપા ધરાવે છે.

રિશાંગ અને જીવન લેખકના વ્યાપક દૃષ્ટિબિંદુનું પ્રતિનિધિત્વ કરતાં પાત્રો છે. જ્યારે નાજેક અને વિડેશ્યેલી નગાચેતના પ્રાદેશિક સત્તા (Regional Power) ઝંખતા પાત્રો છે. આ પાત્રોનો વિચારસંઘર્ષ કૃતિનો રસપ્રદ મુખ્યભાગ છે. વૈચારિક દ્વંદ્વની, રાજકીય વિચારધારાની આ નવલકથાનો વિશેષ એની પ્રવાહિતા અને સહજતામાં છે. બૌદ્ધિક દલીલો કરતા પ્રસંગોથી કૃતિ ગતિ ધારણ કરે છે. બંને વિચારસારણીવાળાં પાત્રોની વૈયક્તિક સંવેદનાની પણ એટલી જ જિકર કરવામાં આવી છે. રિશાંગ અને જીવનનો આદર્શવાદ (idealism) તેથી બુદ્ધમાનસ (dogmatic) નથી. લેખકને ખરા અભિનંદન તો અંત બાબતે છે. અંતે તેઓ કોઈ ફોર્મ્યુલાબદ્ધ કારિકામાં ફસાયા નથી. રિશાંગ અને વિડેશ્યેલીમાંથી કોણ સાચું એ

લેખકે ભાવક પર કહો કે વિડેશ્યેલી કહે છે (રિશાંગ) તેમ કાળ પર છોડ્યું છે. લેખકે ચુકાદાઓ આપવાની ઉતાવળ નથી કરી. તેથી આ નવલકથા સ્પર્શે છે. ખુલ્લો અંત લેખકની સૂઝની નિશાની છે. એમણે કેવળ પરિવર્તનને ઝિલ્યું છે. પરિવર્તન કઈ દિશામાં જશે એની કોઈ આર્ષદૃષ્ટા છટામાં ભવિષ્યવાણી નથી કરી. નાજેક આ કૃતિનું પ્રભાવશાળી પાત્ર છે. ગલામાં ખોપરીઓની માળા ધારણ કરનાર નાજેકડોસા જૂની પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે. અતીત પાછો સાકાર સ્વરૂપે આવે તેમ તેઓ ઇચ્છે છે. તેઓ ગામના મુખી છે. ગળામાંની ખોપરી એ એમના સાહસની નિશાની છે. કહેવાય છે કે એ એમણે મારેલા દુશ્મનોની ખોપરીઓ છે. અંગ્રેજી શિક્ષણ અને ઈસાઈધર્મના નાગાલેન્ડમાં થયેલા પગ-પેસારાથી જ બધી ખાનાખરાબી થઈ તેવું એ માને છે. નવા છોકરાઓ સ્ત્રૈણ થઈ ગયા છે. ગામમાં શીતળા ફેલાય ત્યારે ડૉ. બ્રુક દ્વારા ચાલતા રસી અભિયાનમં એ સંમત નથી. એને તાવ આવે તો એ રસી લેતો નથી. ફાનિટફાંગની માને તાવ આવે ત્યારે ભૂવા પાસે મોકલે છે. એનો દિકરો ખાટિંગ બાપની પરવા કર્યા વિના ઈસાઈ થઈ ગયો અને લશ્કરમાં ભરતી થવા ઊપડી ગયો, ત્યારે તીવ્ર દુ:ખ અનુભવે છે. બેટા બાપની વાત સાંભળ! તમારે લોકોને સાહેબ થવાની જ જરૂર નથી. નગા બનો નગા. નગા થવા જેવું સુખ બીજું નથી. (પૃ. ૨૫) ખાટિંગ બી.એ. પાસ થઈ ઈસાઈ

છોકરીને પરણી પિતાને પત્ર લખે છે. ત્યારે નાજેક નાના બાળકની જેમ હિબકાં ભરે છે. ક્યાંય સુધી પત્ર વાંચતા જ નથી. નવી પેઢીના આ કરતૂતો જોઈ મૃત્યુ ઇચ્છે છે. હવે ખાટિંગને તેઓ પોતાના સિદ્ધાંત ખાતર જ પુત્ર માનવા તૈયાર નથી.

આવો રૂઢિચુસ્ત માણસ પોતાના મૃત્યુ વખતે અનુગામી મુખી પસંદ કરવામાં જુદો જ દૃષ્ટિકોણ અપનાવે છે. નિયમ મુજબ તો એમના જેવા ચહેરાવાળાને અનુગામી મુખી બનાવવાનો હોય, પરંતુ તેઓ વિડેશ્ચેલીને મુખી બનાવે છે. ગાંઠિખુઈ તેને કહે છે, "તમારી સાથે તેનો ચહેરો મળતો આવતો નથી, તે એક આંખે બાંડો છે." (પૃ. ૬૮) નાજેક જવાબ આપે છે... "ચહેરો મળતો ન આવે તેથી શું થયું, અમારા મનનો મેળ છે." (પૃ. ૬૮) વિડેશ્ચેલી એક આંખવાળો છે તે પ્રતીકાત્મક લાગે છે. નાજેક અને વિડેશ્ચેલીના વિચારોનું એકાંગીપણું એ નિમિત્તે પ્રગટ થાય છે. દૃષ્ટિ(કોણ)ની મર્યાદા એ નિમિત્તે વ્યક્ત થઈ છે. વિડેશ્ચેલી નગા નથી. ઈસાઈ છે. પરંતુ નગા-ચેતનાનો પ્રવક્તા છે. તેથી એનું ઈસાઈપણું પણ નાજેકને ખટકતું નથી. વિડેશ્ચેલીનો ધર્મ, જ્ઞાતિ કે ગામની રીતે નાજેક સાથે મેળ નથી, પરંતુ 'નગા હોવાનું ગૌરવ' સ્થાપવાનો વિચાર બંનેને નજીક લાવે છે. નાજેકનું નગાપણું એટલું તીવ્ર હતું કે ગાંઠિખુઈ પોતાની દીકરી ઈસાઈને પરણાવવા તૈયાર થાય ત્યારે નાજેક જાણે કબરમાંથી પણ ઠપકો આપતા હોય

એવું અનુભવે છે. (પૃ. ૯૫) આવો નાજેક વિડેશ્યેલીને જોતાં અને વિડેશ્યેલી નાજેકને જોતાં તૃપ્તિ અનુભવે છે. વિડેશ્યેલી નેતાજી સુભાષચંદ્ર બોઝ પાસેથી સ્વાધીનતાનો મંત્ર શીખ્યો છે. 'તમે મને લોહી આપો, હું તમને આઝાદી આપીશ.' એ સૂત્રોચ્ચાર એની જીવનશૈલીમાં રણકે છે. આઝાદ ભારતની સ્વતંત્રતાવાળી સરકારને એ પોતાની સરકાર માનતો નથી. એની સાદગીભરી જીવનશૈલી વિરોધી વિચારસરણીવાળા રિશાંગને પણ અભિભૂત કરે છે. એની દ્રઢતા, કર્મઠતા અને સાહસવૃત્તિના કારણે નવલોહિયાઓમાં એ માનીતો છે. તેથી નાજેકે અનુગામી મુખી તરીકેની એની પસંદગી પરંપરા તોડીને પણ કરી. વિડેશ્યેલીને મુખી બનાવવાનો પ્રસંગ આ નવલકથાનો માર્મિક પ્રસંગ છે.

વિડેશ્યેલી અને રિશાંગની ચર્ચાઓ નવલકથાનો માર્મિક ભાગ છે. વિડેશ્યેલીનો વિદ્રોહ અને રિશાંગની અહિંસક ચળવળ લોકોને વારંવાર આકર્ષે છે. નગા લોકો વિડેશ્યેલીને એક પરમવીર માનીને એની પૂજા કરે છે, પરંતુ જે ઘડીએ ઘર-કુટુંબના વિનાશ અને માણસોનાં અકાળ મૃત્યુનાં અપશુકનિયાળ સપનાં આવીને એમના હ્રદયમાં અચાનક જ દહેશત મચાવી દે છે એ જ ઘડીએ એ લોકો રિશાંગ જેવા સાહસી નવયુવકને શોધે છે. રિશાંગ પણ બદ્ધમાનસ નથી. ડૉ. બ્રુક નો શિષ્ય છે, છતાં ચર્ચ બનાવવાની ડૉ. બ્રુક ની અત્યંત તીવ્ર ઇચ્છાને તે જાકારો

આપે છે. ચર્ચના કારણે ગામમાંથી શાંતિ ચાલી જવાની હોય તો તે ઈસુને પણ મંજૂર ન હોય એમ માની એ એક જુદા જ ઈસાઈનો પરિચય આપે છે. વિડેશ્યેલીનો આતંક વધી જાય ત્યારે જાનનું જોખમ વહોરી વિડેશ્યેલીની છાવણી સુધી જાય છે. સાથે જીવન માસ્તર અને આબેઈ કૂતરો જ છે. વિડેશ્યેલીનો મમતાપૂર્ણ વહેવાર જોઈ ચોંકી જાય છે. આબેઈ કૂતરાના ઘા પર ઈલાજ કરતો વિડેશ્યેલી એને જુદો જ લાગે છે. જ્યારે રિશાંગ કહે છે કે હું નગા બનવા માટે પ્રાર્થના કરતો નથી. 'હું તો મનુષ્ય બનવાની પ્રાર્થના કરું છું' ત્યારે વિડેશ્યેલી જવાબ આપે છે, એમાં એની વિચારસરણીનો સ્પષ્ટ રણકો છે. 'હું દ્રઢતાપૂર્વક વિશ્વાસ પણ કરું છું કે નગા એક બિલકુલ અલગ પ્રકારની પોતાનામાં એક બિલકુલ વિશિષ્ટ કોટિની, બીજાઓથી એકદમ જુદા પ્રકારની જાતિ છે.'

રિશાંગ, વિડેશ્યેલી અને જીવન-માસ્તરની છેલ્લી મુલાકાતનું દૃશ્ય (પૃ. ૨૧૯) વિડેશ્યેલીને સમજવા માટે ખૂબ મહત્વનું છે.

જીવનમાસ્તરનું પાત્ર પણ આ નવલકથાનું મહત્વનું અંગ છે. ભણીગણીને સરકારી બાબુ બનવાના બદલે ચાહીને પર્વતમાળામાં શિક્ષક બનવા આવ્યા. વિડેશ્યેલીની નગાબહેન સાથે પરણ્યા. રિશાંગને ગાંધીજીના મોતના સમાચાર એમણે આપેલા. જીવન ગાંધીજીને માનતા હતા અને જીવનનું મૃત્યુ પણ

ગાંધીજીના મોતની યાદ અપાવે છે. આજીવન હિન્દુસ્તાનની સેવા કરનાર ગાંધીજીનું મોત એક હિન્દુસ્તાનીના હાથે થયું એ રીતે આજીવન નગા-લોકો માટે મથનાર જીવનનું મૃત્યુ પણ એક નગાના હાથે જ થયું. ગાંધીજીની માફક જે જીવન પણ નગાઓના કુરિવાજોનો ટીકાકાર છે. જેમ ગાંધીજી હિંદુઓના કુરિવાજોના ટીકાકાર હતા. તેથી જ ખુટિંગ્લાને ચાહતો હોવા છતાં રિશાંગ પિતાને ખાતર ખુટિંગ્લાને પરણવાનું સાહસ કરતાં અચકાય છે, ત્યારે ટીકા કરે છે.

કથાનો આરંભ અને અંત શારેંગ્લાની સ્થિતિનિરૂપણનો છે. શારેંગ્લા કૃતિનું કેન્દ્રસ્થ નારીપાત્ર છે. પરદેશી સૈનિકના હાથમાં પડતાં એનાથી ભોગાવાઈ ને એને જ પરણી તેથી સમાજ એનાથી નારાજ થયો. એ સૈનિક ઈશેવેરાની હત્યા થતાં સવિધવા બની. રિશાંગની એ બાલ્યસખી છે, પણ હવે રિશાંગને એ પામી શકે તેમ નથી. રિશાંગ તો ખુટિંગ્લાના પ્રેમમાં ગળાડૂબ છે. શારેંગ્લાને જ્યારે ભલભલાથી બચતાં ફરવું પડે છે, ત્યારે રિશાંગની મિત્રતા એને માનસિક શાંતિ આપે છે. રિશાંગ સાથે રસી અભિયાનમાં પખવાડિયું જાય છે, ત્યારે રિશાંગ સાથે શારેંગ્લાને અનૈતિક સંબંધ છે તેવી વાત ઊડે છે. એ વિધવા હોય છે, ત્યારે જ ગર્ભવતી બની હતી. તેથી આજીવન કટાક્ષ, ઉપેક્ષા, ઉપહાસ અને બદદાનતનો ભોગ બનવું પડે છે. શારેંગ્લાનું ચરિત્ર સંકુલ છે. આશ્રયદાતા ગાંઠિખુઈ એનાં પર

બળાત્કાર કરવા આવે તો એ વિરોધ કરીને છટકી જાય છે, તો બીજી તરફ પત્ની બન્યા સિવાય માના મોત પછી ખુટિંગ્લાથી ઘવાયેલા ફાનિટફાંગને દેહ સમર્પિત કરવામાં સંકોચ અનુભવતી નથી. રિશાંગ સાથેનું એના બાળપણના પ્રેમનું પુષ્પ એ જરાય કરમાવા દેતી નથી. કથાન્તે જીવન-માસ્તરના દીકરા કનશેંગને દત્તક લે છે. નગા ન હોવા છતાં નગા સાથે પરણનાર જીવનમાસ્તરના અંતિમ પુષ્પને સાચવવાની જવાબદારી શારેંગ્લા જેવી નગા-કન્યા સ્વીકારે તેમાં એની આરંભની વૈશ્વિક સાહસિકતાનું બીજું પરિમાણ સ્ફૂટ થાય છે. ઈશેવરા, રિશાંગ અને ફાનિટફાંગ ત્રણેય સાહસિકો શારેંગ્લાને ચાહે છે. છતાં શારેંગ્લા કોઈનેય પોતાની સાથે લાંબો સમય રાખી શકી નહી. કેવળ સ્મૃતિઓ જ શેષ રહી. શારેંગ્લાની આ વિવિધ છબિઓ શારેંગ્લાના ચરિત્રને સર્જકે કેટલી સઘનતાથી કંડાર્યું છે એનો પુરાવો છે.

પાત્રોના આંતરજીવનની જાળવણી લેખકે સૂક્ષ્મતાથી કરી છે. ક્રાંતિનાં કામોમાં અટવાયેલો, રસી અભિયાનમાં અટવાયેલો, ખુટિંગ્લાને લગ્નનું વચન આપી ચુકેલો રિશાંગ બાલ્યસખી શારેંગ્લાથી સતત અંતર જાળવે છતાં એકાન્તની ક્ષણોમાં શારેંગ્લાના ભરપૂર ગાલો પર ચુંબન જડી દેવાની ઇચ્છા ધરાવે છે. ખુટિંગ્લા સાથેની એક સાંજને એ કામોની વચ્ચે પણ વીસરી શકતો નથી. ખુટિંગ્લા

અને શારેંગ્લા દૂરદૂરનાં ગામોમાં પંદર દિવસ રસી મૂકવા જાય છે, ત્યારે કે એ બંનેને નજીક ઊભેલાં જુએ ત્યારે ઇર્ષ્યાથી બળી મરે છે. રિશાંગનો ખાસ મિત્ર હોવા છતાંય ફાનિટફાંગ એના તરફ બે સ્ત્રીઓ આકર્ષાઈ છે તે વાતથી ઇર્ષ્યા અનુભવે છે. બંને સ્ત્રીઓ ખુટિંગ્લા અને શારેંગ્લા પાસે એ જે રીતે પ્રણયપ્રસ્તાવ મૂકે તેમાં, એ માના મોત પછી ગાંડોઘેલો થઈ જાય તેમાં, આતંકવાદી બની જાય એમાં ખુટિંગ્લાને મારી બેસે તેમાં, ખુટિંગ્લાના જ પતિને બચાવવા જેલમાં જાય તેમાં સહજતા અનુભવાય છે. બે વિરોધી વિચારસરણીના ગજગ્રાહમાં ભોગ બનતા ફાનિટફાંગ 'ઘરેબાહિરે'ના અમૂલ્યની યાદ આપે છે. ફાનિટફાંગ શિશુસહજ વર્તે છે. તેથી એક પાત્ર બરાબર કહે છે કે એ તો વિડેશ્યેલીના ખભે મૂકાયેલી બંદૂકમાત્ર છે.

પર્વત, આકાશ, નદી, ફૂલો, વૃક્ષોનાં ઇન્દ્રિયસંતર્પક વર્ણન આસ્વાદ્ય છે. આદિમ પ્રજાનું પ્રકૃતિનાં આ તત્વો તરફનું અદમ્ય આકર્ષણ એ રીતે વ્યક્ત થાય છે કે પાત્રો જ્યારે સુખ-દુ:ખની ક્ષણોમાં વિચારે છે, ત્યારે ઉપમેય પ્રાકૃતિક સંદર્ભમાંથી જ આવે છે. કેટલાંક ઉદાહરણો જોઈએ : જંગલમાં રસ્તો શોધતા કોઈ શિકારી જેવો સૂર્ય 'નવા વરસાદ જેવું શીતળ હાસ્ય', 'એક પહાડી ઉંદર દ્વારા નગાપહાડને ખોદી નાખવાની આશા જેમ હાસ્યાસ્પદ છે. વિડેશ્યેલીની આશા',

છોકરીના લગ્ન માટે છોકરીને પૂછવાનું હોતું નથી તેથી નાજેક કહે છે ‘હાંડીને પૂછીને ભાત ઓછા રંધાય છે ? ફાનિટફાંગ સાથે ખુટિંગ્લાને રિશાંગના પિતા જોઈ ગયા આથી હવે ખુટિંગ્લાને સગાઈમાં વાંધો આવશે. તેવું લાગતાં અનુભવે છે, ‘વ્હાલાં પાઈનવનમાં કોઈએ આગ ચાંપી’ વિડેશ્ચેલીની કલ્પનાઓ અશાંતિ ઊભી કરે છે. તેથી રિશાંગ કહે છે વિડેશ્ચેલીની કલ્પનાઓ લાલ વાદળ છે. શારેંગ્લાને થાય છે રિશાંગ માટેનો પ્રેમ મનની તિજોરીમાં સચવાયેલા સ્વચ્છ, શુભ, સુકોમલ, સદા ખીલેલા રહેતા સફેદ રંગનું જંગલી ફૂલ છે. મનની અંદર અંદર જ તે ખીલે છે. એની કોમળ-મધુર ગંધ આંતરમનમાં જ પોતાની સુવાસ ફેલાવતી રહે છે. પહાડો શુદ્ધશ્વેત વાદળોનું વસ્ત્ર પહેરીને નિર્વિકારભાવે ઊભાં હતાં. ઈરિલ નદી સુકાઈ-શોષાઈ વિરહિણી પ્રિયાની જેમ અસ્તવ્યસ્ત વેશ ધારણ કરેલી અને મલિન બની ગઈ છે. સંધ્યાના લાલ કિરણો અરણ્યનાં વૃક્ષોનાં પોલાણમાંથી સરી રંગોની વીંટીઓ રચતાં હતાં. શિરઈના સૌથી ઊંચા શિખર પર ચડીને ઘણે દૂર બ્રહ્મદેશની પહાડીઓ વચ્ચેથી સફેદ સૂર્યની જેમ વળાંક લેતી વહી જતી સિંદુઈન નદીને જોતાં જ મનુષ્યના મનમાં ગંભીર નિદ્રામાં સૂઈ રહેલ તીવ્ર આવેગ શાથી અચાનક જ જાગી ઊઠે છે તે રિશાંગ કહી શકતો નથી. સ્વાધીનતાની ભાવનાઓ પણ તેને તેટલી જ તીવ્રતાથી પાગલ બનાવી મૂક્યો છે. એ દિવસે વહેલી પરોઢથી જ ઋતુ

ચોધાર રડતી હતી. પાઈનવૃક્ષોનાં પાન પર એનાં આંસુ ટપટપ પડતાં હ્તાં. રિશાંગના ઘર સામે આંગણામાં ઊભેલો જંગલી છોડ ઝાકળમાં ભીંજાઈને કોઈ ધવલ-સ્વચ્છ ઝરણામાં નાહીને આવેલી કોઈ નગાકન્યા જેવો લાગે છે. ખુટિંગ્લાએ જોયું કે જીવન-માસ્તર સૂકાઈને જંગલી ઝાડ જેવા થઈ ગયા છે. રિશાંગના ચહેરા પર હતું એ જ ચિરપરિચિત સ્મિત, જે દેવળના કળશની જેમ ચમકતું હતું. રિશાંગની મા પાનખરના એક પર્ણહીન ઠૂંઠા વૃક્ષની જેમ સૂકા લાંબા હાડપિંજરમાં ફેરવાઈ ગઈ છે, એનું આખું શરીર એક ફાટેલા સૂકા વાંસ જેવું શક્તિહીન થઈ ગયું છે. જીવન-માસ્તરના શરીર પર એક રેશમી શાલ લપેટાયેલી હતી. એ સમયે આકાશ પણ એ શાલ જેવું લાગતું હતું. સાંજનો સૂર્ય પાકેલી લાલ નારંગી જેવો હતો. રિશાંગની એક સરખામણી જુઓ : 'શારેંગ્લાનું હ્રદય સમજો કે આકાશ જેવું છે. જ્યારે ખુટિંગ્લાનું હ્રદય એક વેંત જેટલા વાદળનો ટુકડોમાત્ર છે.

હવે આપણે કૃતિના પ્રદેશ-પરિચય વિશે વાત કરીએ.

૨. પ્રાદેશિક પરિચય:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે નવલકથામાં કયા પ્રદેશમાં કયા કયા ગામમાં નગા આદિવાસી સમાજ રહે છે તે પરિચય પ્રાપ્ત કરતાં ભારતના 16મા રાજ્ય તરીકે 'નગાલેન્ડ' એક અલગ રાજ્ય તરીકે ૧૯૯૩માં અસ્તિત્વમાં આવ્યું તે

પહેલાં તે ઈશાન ભારતનો આ વિસ્તાર નેફા નોર્થ ઈસ્ટ ફ્રન્ટિયર એજન્સી તરીકે ઓળખાતો.

ઈમ્ફાલ - મણિપુરના સીમાન્તવર્તી વિસ્તારમાં ટાંખુલ નગા જનજાતિના લોકો વસવાટ કરે છે. તથા ખાસ કરીને ઉખ્રુલ, ખનમા, હુઈનિંગનુંબી, પાબિ વગેરે પહાડી વિસ્તારમાં વસેલાં ગામો છે. જેમાં નગા આદિવાસી સમાજ રહે છે.

૩. આદિવાસી સમાજ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સમાજની વાત કરીએ તો એક સરખા માણસોમાં કેટલાક સાહેબોના જેવા શક્તિશાળી બને છે અને કેટલાક નગાઓ જેવા થાય છે પદદલિત કૂલી, મજૂર થઈને તેમને રહેવું પડે છે. શું શક્તિના અભાવે તેમને આ દુર્લદય પર્વતમાળામાં જંગલી જાનવરની જેમ સડી મરવાનું છે. અહીં આવવા-જવાનો એકે મારગ નથી. ડાંગર ચોખા નથી. એકે સારું ઘર નથી, તેમ છતાં તેઓ બધા માણસના ભાગ્યનો દોષ દઈ પોતાની દુર્દશાને સ્વાભાવિક ઘટના તરીકે સ્વીકારી લે છે. આજ સુધી દરેક જણ પહાડોમાં પ્રાણીઓની જેમ આહાર, મૈથુન અને નિદ્રામાં વખત કાઢે છે. ચિરકાળથી ચાલી આવતી એ શાંતિને મહાયુદ્ધે જ ખળભળાવી છે. મહામારી આવી, ભયંકર રૂપ ધરી

દરિદ્રતા આવી, તોપણ લોકોના મનમાં તેનો પ્રતિકાર કરવાની કોઈ ઇચ્છા જ દેખાતી નથી. (પૃ. ૫૭)

આમ, નગા આદિવાસી સમાજ ગરીબી, મહાયુદ્ધનો સંગ્રામ, બિમારી વગેરેનો સામનો કરી રહ્યો છે. જેથી પ્રેમભર્યું, હર્યુંભર્યું ગ્રામ્ય જીવન વ્યતિત અને મૂંઝવણભર્યું બની ગયેલ જોવા મળે છે.

૩.૧ આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ:

નગા આદિવાસી સમાજના આંતરિક જીવનમાં ડોકીયું કરતાં એ જણાય છે કે જ્યાં માણસ બીજાઓને કાપી નાખવામાં, મારી નાખવામાં અને બધું જ નષ્ટભ્રષ્ટ કરી દેવામાં જ આનંદનો અનુભવ કરે છે. શું માનવી ધીરજપૂર્વક સ્થિર ચિત્તથી સુસભ્ય યોજના દ્વારા ઉન્નતિ કરવાનું અને શિક્ષણ પામી સમજદારીપૂર્વક ઊંચે જવાનું, મહાન બનવાનું વિચારી જ નથી શકતો?

જ્યારે નગા આદિવાસી સમાજમાં એકબીજા વચ્ચે ઝઘડો અથવા આક્રમણ થાય છે, ત્યારે એકબીજાનું માથું કાપી લેતાં પણ ખચકાતો નથી. આમ, આદિવાસી સમાજ ભયંકર રૂપ ધારણ કરી બેસે છે જેમાં આદિવાસી સમાજનું આંતરિકસ્વરૂપ પ્રગટ થતું જોવા મળે છે.

૩.૨ આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર:

આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેના વ્યવહાર વિશે ઊંડો અભ્યાસ કરતાં જણાય છે કે જીવન - માસ્તર ભણી-ગણીને સરકારી બાબુ બનવાના બદલે ચાહીને પર્વતમાળામાં શિક્ષક થઈને આવ્યા. વિડેશ્યલીની નગાબહેન સાથે પરણ્યા. આ જીવન નગાલોકો માટે મથનાર જીવનનું મૃત્યુ પણ એક નગાના હાથે જ થયું. આમ, જીવન માસ્તરનો વ્યવહાર નગાઓના જીવન સાથે સંકળાયેલ છે.

પરદેશી સૈનિકો આવીને નગા આદિવાસી યુવતિઓ સાથે શરીરસંબંધ બાંધે છે. જાણે સ્ત્રીઓનાં દેહદમન કંઈ સૈનિકોને રમવાની વસ્તુ હોય. એમાં ખાસ કરીને શારેંગ્લા જાપાની સૈનિક ઈશેવરાને પોતાના પતિ તરીકે મનોમન સ્વીકાર્યો હતો. માટે જ નગા સમાજ એણે તિરસ્કારની ભાવનાની જુએ છે. આવો નગા સમાજનો સૈનિકો સાથેનો વ્યવહાર ભારરૂપ બને છે.

અમેરીકન મિશનરી ડૉ. બ્રુક તેઓ પોતે ડૉક્ટર હતા. પોતે તૈયાર કરેલી દવાઓથી નગા લોકોની સારવાર કરતા. એને કારણે ઈશુ ખ્રિસ્તના નવા અનુયાયીઓ તૈયાર કરવાની સુવિધા પણ મળી હતી. ગામમાં શીતળાના પ્રકોપ ફેલાયેલો સાંભળી ડૉ. બ્રુક બે યુવકોને સાથે લઈ ગામેગામ જઈ રસી મૂકવાનું કામ ઉપાડી લેવા જણાવે છે. રિશાંગ ડૉ. બ્રુક નો શિષ્ય છે, છતાં ચર્ચ

બનાવવાની ડૉ. બ્રુકની અત્યંત તીવ્ર ઇચ્છાને તે જાકારો આપે છે. ચર્ચના કારણે ગામમાંથી શાંતિ ચાલી હોય તો તે ઈસુને પણ મંજૂર ન હોય એમ માને એ એક જુદા જ ઈસાઈનો પરિચય આપે છે. નગા આદિવાસી સમાજનો મિશનરીઓ સાથેનો વ્યવહાર પ્રગટ થાય છે.

૪. આદિવાસી સંસ્કૃતિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે આદિવાસી સંસ્કૃતિને વિગતે પરિચય મેળવતાં એમાં નીચે પ્રમાણેના વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે:

૪.૧ ખેતી અને જમીન વિષયક ગતિવિધિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે ટાંખુલ નગા આદિવાસી સમાજના કાંપ ભરેલા ખેતરો છે. જેમાં મુખ્યત્વે ડાંગર વાવવામાં અને રોપવામાં પણ આવે છે. બટાટાની ખેતી પણ કરવામાં આવે છે. પરંતુ બીજી બાજુ આદિવાસી સમાજને નમક, કપાસ અને આદુ વગેરે પાકોની એમને સાચી કિંમત મળતી નથી. સાથે આ પર્વતીય આદિવાસી જીવનક્રમને બીજા વિશ્વયુદ્ધે છિન્ન-ભિન્ન કરી નાખ્યા છે. બૉમ્બ વર્ષાને કારણે ખેતરો નકામાં ખાડા-ટેકરાવાળા બની ગયાં છે અને બાકીનો થોડો ઘણો પાક રહે છે તે સૈનિકો આવીને લઈ જાય છે. આમ, નગા આદિવાસી સમાજ ખેતીમાંથી નિપજ મેળવી શકતા નથી અને ઘર, ખેતર વિનાના પાયમાલ

બની જાય છે. ખૂબ જ હાડભર્યું જીવન વ્યતિત કરે છે. આમ, ખેતી અને જમીન વિષયક ગતિવિધિ જોવા મળે છે.

૪.૨ સામાજિક ગતિવિધિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે સામાજિક ગતિવિધિનું ચિત્રાંકન જોઈએ. એક સરખા માણસોમાં કેટલાક સાહેબોના જેવા શક્તિશાળી બને છે અને કેટલાક નગાઓ જેવા થાય છે. પદદલિત કૂલી, મજૂર થઈને તેમને રહેવું પડે છે. શું શક્તિના અભાવે તેમને આ દુર્લદય પર્વતમાળામાં જંગલી જાનવરની જેમ સડી મરવાની છે. અહીં આવવા-જવાનો એકે મારગ નથી. ડાંગર-ચોખા નથી એકે સારું ઘર નથી, તેમ છતાં તેઓ બધા માણસના ભાગ્યનો દોષ દઈ પોતાની દુર્દશાને સ્વાભાવિક ઘટના તરીકે સ્વીકારી લે છે. આજ સુધી દરેક જણ પહાડોમાં પ્રાણીઓની જેમ આહાર, મૈથુન અને નિદ્રામાં વખત કાઢે છે. ચિરકાળથી ચાલી આવતી એ શાંતિને મહાયુદ્ધે જ ખળભળાવી છે. મહામારી આવી ભયંકર રૂપ ધરી દરિદ્રતા આવી તોપણ લોકોના મનમાં તેનો પ્રતિકાર કરવાની કોઈ ઇચ્છા જ દેખાતી નથી. (પૃ. ૫૭)

ભારતના પૂર્વોત્તર રાજ્યો આસામ અને નાગાલેન્ડ પૂર્વાંચલની પહાડીઓમાં વસતો નગા આદિવાસી સમાજ જેનો સંબંધ કુદરત અને તેનાં તત્વો, જંગલ, જળ, જમીન સાથેનો નાતો અતૂટ બંધન છે.

નગા આદિવાસી સમાજમાં ખ્રિસ્તી મિશનરીઓના સંપર્કને લીધે બે વિભાગ જોવા મળે છે. એક ખ્રિસ્તી ધર્મમાં માનનારો અને ન માનનારો વર્ગ. રિશાંગ, ફાનિટફાંગ અને ખાટીંગ બીજી તરફ નાજેક ડોસા જે પોતાના સમાજમાં જ સુખ રહેલું છે, જ્યારે મોટા ઉપરી અધિકારીઓ બનવામાં મજા નથી, પરંતુ કથાનાયક રિશાંગ વિચારે છે કે ભણીગણીને શિક્ષણ પ્રાપ્ત કરીને શિક્ષિત બનીને લોકોને કુરિવાજો અને કુસંસ્કારો છોડવા લોકોને સમજાવે છે.

આમ, આદિવાસી સમાજ ગરીબી, મહાયુદ્ધનો, ભયંકર બિમારી વગેરેનો સામનો કરી ઝઝૂમી રહ્યો છે. ઘણા બધા પ્રશ્નો, મુશ્કેલીઓ હોવા છતાં કથાકાર સમાજમાં પ્રણય પણ સુંદર રીતે કંડાર્યો છે. જેથી નવલકથા પણ રસથી ભરપૂર બની રહે છે. ઈયેંગમાશના દેહમાં યૌવન જાગી ઊઠ્યું. તેણે હળવેથી આટિબની હડપચી પકડીને પોતાના તરફ ખેંચી હોઠ પર એક પ્રેમભર્યું ચુંબન ચોડી દીધું. ઈયેંગમાંશ અને આટીબ વચ્ચેનો પ્રેમાલાપ જોવા મળે છે.

શારેંગ્લાનું ચરિત્ર સંકુલ છે. આશ્રયદાતા ગાંઠિખુઈ એના પર બળાત્કાર કરવા આવે તો એ વિરોધ કરીને છટકી જાય છે. તો બીજી તરફ પત્ની બન્યા સિવાયા માના મોત પછી ખુટીંગ્લાથી ઘવાયેલા ફાનિટફાંગને દેહ સમર્પિત કરવામાં સંકોચ અનુભવતી નથી. રિશાંગ સાથેનું એના બાળપણના પ્રેમનું પુષ્પ એ જરાય કરમાવા દેતી નથી. ઈશેવેરા, રિશાંગ અને ફાનિટફાંગ ત્રણેય સાહસિકો શારેંગ્લાને ચાહે છે. રિશાંગ તો ખૂટિંગ્લાના પ્રેમમાં ગળાડૂબ છે. આમ, પ્રેમનો પ્રવાહ પણ વહેતો જોવા મળે છે. આમ, નગા આદિવાસી સમાજની સામાજિક ગતિવિધિ જોવા મળે છે.

૪.3 આર્થિક ગતિવિધિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે નગા આદિવાસી સમાજની આર્થિક પાસાની વાત કરીએ તો કપાસ, આદુ, બટાટા જેવા રોકડીયા પાકો કરીને આર્થિક ઉપાર્જન કરે છે. ક્યારેક ક્યારેક અમુક નગા આદિવાસી સમાજના લોકોમાં બળદ લે-વેચનો ધંધો પણ કરતા જોવા મળે છે. આમ, નગા આદિવાસી સમાજની આર્થિક ગતિવિધિનું પાસુ પ્રગટે છે.

૪.૪ સાંસ્કૃતિક ગતિવિધિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે સાંસ્કૃતિક ગતિવિધિમાં નીચે મુજબના મુદ્દાઓની છણાવટ કરવામાં આવી છે :

૪.૪.૧ લોકગીતો:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'ઇચારુઇંગમ' નવલકથામાં લોકગીતોનો સંદર્ભ ન હોવાથી સંશોધક એની તપાસ કરી શકતો નથી.

૪.૪.૨ ઉત્સવો અને મેળાવડા:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે નગા આદિવાસી સમાજના મેળાવડા અને ઉત્સવો વિશે વાત કરીએ તો ગામમાં નવાન્નનો ઉત્સવ ઉજવાય છે. ઘેર-ઘેર માંસ બનાવવામાં આવે છે. એ દિવસે મલ્લ-કુસ્તીના દાવ અને દોરડાખેંચની રમત પણ રમાય છે.

ગિરજાઘર પાસેના ખુલ્લા મેદાનમાં મેળો ભરાય છે. બહુ મોટો જમણવાર થયો હતો. ગામના જ નહિ પરંતુ દૂર-દૂરના ગામોથી આવીને લોકો મેળામાં જોડાયા હતા.

નગા આદિવાસી સમાજ મેળા અને ઉત્સવોના શોખીન છે. ભલે પરિસ્થિતિ ગમે તેવી હોય પરંતુ નગા આદિવાસી સમાજમાં મેળા-મેળાવડા અને ઉત્સવ પ્રિયતા તો છે જ તે આપણે જોયું.

૪.૪.૩ રીત-રિવાજો:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે નગા આદિવાસી સમાજના રીતરિવાજો વિશે વાત કરીએ તો 'થિલા-કાપો' કરવાનો રિવાજ, માણસ મૃત્યુ પામે એ પહેલાં એ પોતાનો પ્રતિનિધિ નક્કી કરે છે. જે પોતાની નીતિથી ચાલે. નાજેકે પોતાનો થિલા-કાપો થવા માટે વિડેશ્યેલીને કહે છે. પણ શેરાએ આવીને કહ્યું 'વિડેશ્યલી' ખ્રિસ્તી છે. પરંતુ નાજેકે કહ્યું તમે લોકો વિડેશ્યલીને ઓળખતા નથી તે હાડેમજ્જાએ કરીને નગા છે. 'અસલ' નગાને જ હું 'થિલા-કાપો' કરવા ઇચ્છુ છું. આમ, નાજેક ડોસા વિડેશ્યેલીને પોતાનો થિલા-કાપો બનાવે છે.

'માંગ્લા થા' (નગા ક્રિયાકાંડ)માં પાઈનની મશાલ સળગાવી તેના મૃત આત્માને રસ્તો બતાવવા ગામના ઢોળાવ પર મૂકી આવવાનો હોય છે.

મરણને ત્રીજે દિવસે કકટો (નાગ-દેવતા) પાસેથી મૃતકનો પ્રેતાત્મા ફરી પાછો આવે છે અને 'કાથિ-કાશાન'ના ભોજનના દિવસ સુધી ગામમાં રહે છે.

આમ, નગા આદિવાસી સમાજના રીત-રિવાજો જોવા મળે છે.

૪.૪.૪ આવકાર:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે નગા આદિવાસી સમાજની આવકારવાની રીત કેવી છે તે વિશે વાત કરીએ. ગાંઠિખુંઈ નાજેકને પોતાના ઘરે

બોલાવે છે અને કેવી રીતે એની આગતા-સ્વાગતા કરે છે. 'નાજેક આવ્યા... પત્ની બારામલાએ તેને ચૂલાની પાસે બેસવા આસન આપ્યું. તે પછી દારૂનો લોટો અને ચૂસવાની વાંસની નળી તેની આગળ મૂક્યાં. નાજેક ડોસા પોતાના ભારે મજબૂત શરીરથી આખું આસન ભરીને બેઠા અને ગાંઠિખુંઈને દારૂ પીવા પાસે બોલાવ્યો.' (પૃ. ૪૭)

ગાંઠિખુંઈ ખાટિંગને બોલાવે છે. ખાટિંગ ગયો. નાજેકની પાસે જ પલાંઠી મારીને બેસી ગયો. ગાંઠિખુંઈએ તેને યુર (દેશી દારૂ)નો ઘડો અને ચૂસવાની વાંસની નળી આગળ ધરી. (પૃ. ૨૪) આમ, નગા આદિવાસી સમાજમાં આવકારવા આવેલ મહેમાનને બેસવા આસન તથા દેશી દારૂ અને ચૂસવાની વાંસની નળી આપવામાં આવે છે.

૪.૪.૫ પોશાક:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે નગા આદિવાસી સમાજના પહેરણ વિશે વાત કરીએ તો પુરુષોમાં દેહ પર લંબાઈમાં લાલ અને પહોળાઈમાં સફેદ રંગનું વસ્ત્ર છે. કાનમાં બે પિત્તળની વજનદાર વાળીઓ લટકે છે. જમણી બગલ નીચેથી ડાબે ખભે ઓઢેલી ચાદર આમ પુરુષોના પોશાક જોવા મળે છે અને સ્ત્રીઓના પહેરણ વિશે સંદર્ભ આપી શકાતો નથી.

૪.૪.૬ વ્યસન:

'ઇયારુઇંગમ' નવલકથા સંદર્ભે નગા આદિવાસી સમાજમાં વ્યસનનું સેવન જોવા મળે છે. સિગારેટ ચૂસવાની વાંસની નળી, તમાકુ, બીડી, હુક્કાનું અને દારૂનું પણ સેવન કરતાં જોવા મળે છે.

૪.૪.૭ ટેવો:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'ટેવો'ગત લક્ષણ વિશે બારીકાઈથી અભ્યાસ કરી શકાતો નથી.

૪.૪.૮ રહેઠાણ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે નગા આદિવાસી સમાજનું આવાસ એટલે નાની ઝૂંપડીઓ, ખડ, લાકડાં-નેતરથી બનાવેલ અને માટીથી લીંપેલી ઝૂંપડીઓ જોવા મળે છે.

૪.૪.૯ ખાણીપીણી:

નગા આદિવાસી સમાજની ખાણીપીણીની વાત કરતાં કેટલી દયનિય સ્થિતિ છે તે ખુટિંગ્લાના શબ્દોમાં સાંભળીએ : 'ઘરમાં બે દાણાય નહોતા. કુશકી હતી. તેમાંથી પિઠાં બનાવી લાવી છું. ફાનિટફાંગે કહ્યું "તારા ઘરમાં પણ ચોખા ખૂટ્યા ?"

ગઈ વખતે કોઈનેય ખેતી થઈ નહોતી. જે થોડી ઘણી થઈ હતી. તેમાંથી અડધોઅડધ ડાંગર મિલિટરી લઈ ગઈ અત્યારે તો જે મળે તે માંગીને - કહીને વાડકો નીચે મૂકી બોલી, "આવ રાહ જોવાનો વખત નથી. બંને જણ ભાગ કરીને ખાઈ લઈએ."

યુદ્ધના કારણે ગામના લોકો પણ થોડે દૂર સહીસલામત સ્થળે રહેવા ગયા હ્તા. ત્યાં ગામ આખાના ચોખા એક જ કોઠારમાં રાખી પછી તેમાંથી વહેંચણી કરવાની જવાબદારી ગામના મુખી ઉપર નાખવામાં આવી હતી. ગઈ સાલ ગામના લોકો પોતાના ખેતરોની પૂરી ફસલ લઈ શક્યા નહોતા. ખેતરોમાંથી અડધા ઉપરાંત ડાંગર લશ્કરના સિપાઈઓ વાઢી ગયા હતા.' (પૃ. 9) આમ, ક્યારેક લોકોને એક ટંક માટે જમવાનું મળતું નથી. ભૂખ્યા રહીને પાણી પીને તથા જંગલમાંથી મળતી વસ્તુઓનો આહાર કરી દિવસ પસાર કરવો પડે છે. ક્યારેક ક્યારેક લોકો દેશી દારૂ પણ પીવે છે.

૪.૪.૧૦ અંધશ્રદ્ધા:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે નગા આદિવાસી સમાજમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ કેટલે અંશ સુધી પ્રસરેલું છે તે જોઈએ. નાજેક ડોસામાં કેટલે અંશ સુધી અંધશ્રદ્ધા વ્યાપેલી છે તે વિગતે જોઈએ. નાજેકે કહ્યું, "બારામલા ભૂવા પાસે લઈ

જાઓ." ખુટિંગ્લાએ એકદમ કહ્યું, "ડૉક્ટર બ્રુક દવા કરે છે ! પરંતુ ડૉક્ટરમાં જરાય તેને વિશ્વાસ નથી."

નાજેકને માતા (શીતળા) પધાર્યા હતા. ડૉ. બ્રુક કેટલીક વાર આવીને તેને તપાસી ગયા પણ નાજેક ડોસા દાક્તરની દવા એકે ટીપુંય લેવા તૈયાર ન થયા. ગામના જૂની માન્યતાવાળા લોકો ભૂવો લઈ આવ્યા. તેણે આવી કૂકડો કાપી કલેજુ બહાર કાઢી 'કામિઓ' દેવની પૂજા કરી તેને ધરાવ્યું. ભૂવાએ તરના ઝાડનાં લાંબા પાન લાવી, બિછાના ઉપર પાથરી તે પર સુવાડવાનું કહ્યું, અને ગરમ વસ્તુ ખાવાની મના કરી. તેમ છતાં જરાય ફાયદો ન થયો.

જ્યારે નાજેક મૃત્યુ પામે છે ત્યારે ક્યાંકથી એક મધમાખી આવી અને ગણ ગણ કરતી નાજેકના મૃતદેહ પર ઊડવા લાગી. ગાંઠિખુંઈએ કહ્યું, "આ નાજેકનો આત્મા જોયું?"

મૈયતનો સત્કાર કર્યો. કબ્રસ્તાનમાં અનેક પગલાંની છાપ જોઈ. બીજા ઘણા માણસો મરશે. વિડેશ્યલી ચૂપ રહ્યો. ફાનિટફાંગે નવાઈ પામી પૂછ્યું, "એ કોનાં પગલાં છે?" "ભૂતનાં" બોલી વિડેશ્યલી હસ્યો. "ભૂત જેવું કંઈ છે નહિ, હું નથી માનતો." પરંતુ ગાંઠિખુંઈ કહેવા લાગ્યા: "માનો કે ન માનો, એ વાત જુદી છે પણ કાલ રાતે ભૂત આવ્યાં હતાં કબર ઉપર પગલાંની છાપ બધાંએ જોઈ છે." (પૃ.

૮૩) આમ, નગા લોકોમાં નવયુવકો અંધશ્રદ્ધામાં માનતા નથી. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવાયેલો જોવા મળે છે. પરંતુ જૂનવાણી વિચારના લોકોમાં અંધશ્રદ્ધામાં વ્યાપેલી જોવા મળે છે.

૫. ભાષાના સંદર્ભે આદિવાસી સંસ્કૃતિ:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે ભાષા સંદર્ભે તપાસતાં નીચેના મુદ્દાઓને સમાવી લીધા છે:

૫.૧ રૂઢિપ્રયોગો:

ટાંખુલ નગા આદિવાસી સમાજમાં એમના ભાષા વ્યવહારમાં નીચેના રૂઢિપ્રયોગોનો ઉપયોગ જોવા મળે છે:

૧) ઝમેલો થઈ જવું

૨) અકળવિકળ બની જવું

૩) મોઢે ગળણાં બાંધવા જવું

૪) પોતાની આંખ પર ભરોસો ન કરવો

૫) નાક કપાઈ જવું

૬) જૂઠું બોલનારનું મોં ગંધાવું

આમ, નગા આદિવાસી સમાજમાં બોલ-ચાલ વ્યવહારમાં રૂઢિપ્રયોગો પ્રયોજાય છે.

૫.૨ કહેવતો:

નગા આદિવાસી સમાજમાં પ્રચલિત કેટલીક કહેવતો કૃતિ સંદર્ભે તપાસતાં નીચે મુજબ છે:

૧) હાંડીને પૂછીને ભાત ઓછા રંધાય

૨) હાંલ્લાને પૂછીને ચોખા રાંધવાના છે?

૩) આગને વળી કાચું શું ને પાકું શું?

૪) બાપ તેવા બેટા

૫) તેલ અને પાણી મળ્યાં કદી જાણ્યાં છે

૬) તરે તો દેશ, મરે તો સ્વર્ગ

આમ, ટાંખુલ નગા આદિવાસી સમાજમાં કહેવાતી કહેવતો જોવા મળે છે.

5.3 બોલી:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'ઇયારુઇંગમ' ગુજરાતીમાં અનુવાદીત કૃતિ હોવાથી બોલી સંદર્ભે તપાસ કરી શકતા નથી.

૬. આદિવાસી સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા તપાસતાં નીચેના શબ્દોમાં પ્રીટીંગમાં ભૂલ જોવા મળે છે.

ખોટો શબ્દ		સાચો શબ્દ
ફનિટફાંગ	-	ફાનિટફાંગ
ખાટિંગ્લા	-	ખુટિંગ્લા
ડા.	-	ડૉ.

આદિવાસી સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા તપાસતા એ જોવા મળે છે કે ખુટિંગ્લા અને રિશાંગ એક જ ગામનાં રહેવાસી છે, પણ ધર્મે બે ભાગમાં વહેંચી નાખ્યાં છે. (પૃ. ૪૫) મારા મનમાં પ્રશ્ન એ આવે છે કે આદિવાસી સમાજમાં એક જ ગામમાં કે ગામમાં ને ગામમાં લગ્ન કરવામાં આવતાં નથી તો રિશાંગ અને ખુટિંગ્લાના લગ્ન શક્ય નથી. જે વિચારવા યોગ્ય પ્રશ્ન છે.

આમ, આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા તારવી શકાય.

૭. ઉપસંહાર:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'ઇયારુઇંગમ' નવલકથાનો સંશોધનાત્મક અભ્યાસ કરતાં તે અસમિયા નવલકથા છે. 'ઇયારુઇંગમ' એટલે કે 'પ્રજાનું રાજ'.

નાગાલેન્ડ ભારતનું રાજ્ય છે. જ્યાં ટાંખુલ નગા જનજાતિના લોકો રહે છે. જે કુદરતના ખોળામાં વસવાટ કરે છે. જ્યાં જંગલ અને જંગલમાં ઘર, ખેતરો તથા સરસ મજાની નદીઓ વહે છે. લોકો ખુશનુમા છે. ત્યાં મિશનરીઓ આવીને જીવન સુધારવા તથા ધર્મનો ફેલાવો કરવા આવેલ છે. ગામમાં દેવળ બનાવવાની બાબતમાં ભયંકર ઝઘડો છે એને લીધે ગામમાં બે જૂથ અને વેર બંધાય જાય છે.

નગા આદિવાસી સમાજનો નવયુવક કથાનાયક રિશાંગ જે ડૉ. બ્રુકનો શિષ્ય છે. ઈસાઈ ધર્મમાં માને છે અને આદિમતાભર્યું જીવન છોડીને કલકત્તા શહેરમાં ભણવા જાય છે અને એના વિચારોમાં ગામની અને સમાજની હમેશાં પ્રગતિ ઇચ્છે છે. ગામમાં નિશાળ, હૉસ્પિટલો અને સારા રસ્તાઓ બનાવવા માંગે છે અને તેથી જ પ્રથમ શિક્ષણ પ્રાપ્ત કરીએ તો જ બધું શક્ય બને એમ તેઓ વિચારે છે. ખાટીંગ અને ફાનિટફાંગ પણ વી ફોર્સમાં જોડાય છે અને એમનું જીવન સુધારવા માંગે છે.

રિશાંગ નવયુવાન હોવાથી નવયુવતિ ખુટિંગ્લાને ખૂબ જ પ્રેમ કરે છે અને ખુટિંગ્લાને લગ્ન કરવાનું વચન પણ આપી દે છે. શારેંગ્લા જે 'ગામનું ગુલાબ' કહેવાતી નગા કન્યા છે, પરંતુ યુદ્ધકાળ દરમિયાન જાપાની સૈનિક ઈશેવેરાના હાથે ભોગાવાય જાય છે અને સમાજની વિરુદ્ધ જઈને તેની સાથે લગ્ન કરી બેસે છે. જેથી સમાજ તેનાથી નારાજ થઈ જાય છે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પહેલાં જાપાની સૈનિકો ગામમાં અડ્ડો જમાવે છે. પછી અંગ્રેજ સૈનિકો ગામમાં વસવાટ કરતા હોવાથી ગ્રામ્ય જીવન ઉખ્રુલ ગામને અસ્તવ્યસ્ત કરી નાખે છે. ગામમાં બૉમ્બવર્ષા થવાના કારણે ગામ નષ્ટ થઈ ચૂક્યું છે. ખેતરો ખાડા-ટેકરાવાળા બની ગયાં છે. ગામમાં યુવતિઓ પણ સલામત નથી. જીવન છિન્ન-ભિન્ન કરી નાખ્યું છે. ગામમાં ગમે ત્યારે સૈનિકો આવીને ઊભો પાક પણ રહેવા દેતા નથી, વાઢીને લઈ જાય છે. લોકો યુદ્ધથી ભયભિત થઈને એક જ જગ્યાએ રહે છે, જ્યાં એમને પૂરતું અનાજ ન હોવાથી જમવાનું પણ મળતું નથી.

લોકો યુદ્ધથી પાયમાલ બની સ્વતંત્રતા ઇચ્છે છે. યુદ્ધથી બધું નાશ પામ્યું છે. તેથી સરકાર પાસે માંગણી કરે છે. પરંતુ માંગણી સંતોષાતી નથી. ત્યારે તે વિડેશ્યલી જે સ્વતંત્રતા માટે લડાઈ કરવાનો માર્ગ અપનાવે છે. લોકોને યુદ્ધ - લડાઈ પસંદ નથી, છતાં મજબૂરી ખાતર તેઓ વિડેશ્યલીને સાથ આપવા તૈયાર

થઈ જાય છે. જ્યારે આવું બધું બને છે, ત્યારે લોકો રિશાંગ જેવા લીડરને શોધે છે અને રિશાંગને કંઈક કરવા જણાવે છે. આથી જ રિશાંગ, જીવન માસ્તર અને આબેઈ કૂતરા સાથે વિડેશ્યલીની છાવણી સુધી પહોંચી જાય છે, જ્યાં રિશાંગને વિડેશ્યલીનો જુદા જ પ્રકારનો અનુભવ થાય છે. રિશાંગ નગા નહિ પરંતુ મનુષ્ય બનવા માટે પ્રાર્થના કરે છે. જ્યારે વિડેશ્યલી નગા આદિવાસી સમાજને વિશિષ્ટ કોટિની માને છે.

નાજેક ડોસાનું પાત્ર નગા આદિવાસી સમાજમાં ખૂબ જ પ્રભાવશાળી પાત્ર માનવામાં આવે છે. જેઓ નગા બનવામાં આદિમતા જીવનમાં જ સુખ માને છે તે બિમાર થાય છે ત્યારે પણ તે ડૉક્ટરની દવા લેવા માંગતા નથી અને ભૂવાની દવાદારૂમાં માને છે. પોતાનો થિલા-કાપો પણ વિડેશ્યલીને બનાવે છે.

આમ, નગા આદિવાસી સમાજની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પાસાંઓની છણાવટ કરવામાં આવી છે.

સંદર્ભ :

૧) **ભટ્ટાચાર્ય વિરેન્દ્રકુમાર, ઇયારુઇંગમ, સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી, પ્ર.આ. ૧૯૯૬**

૨) **મહેતા ભરત, ભરત વાક્ય, રાવલ પ્રકાશન, પાટણ, પ્ર.આ. ૨૦૦૭**

●

પ્રકરણ : 3.3

‘અરણ્યનો અધિકાર’

(૧૯૮૫)

- મહાશ્વેતાદેવી
અનુ. સુકન્યા ઝવેરી

પ્રસ્તાવના:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે ‘અરણ્યનો અધિકાર’ નવલકથાનો સંશોધનાત્મક અભ્યાસ કરતાં મહાશ્વેતાદેવી તેમના મૂળ લેખિકા છે. સુકન્યા ઝવેરી દ્વારા તેમનો ગુજરાતીમાં અનુવાદ કરવામાં આવ્યો છે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ દ્વારા તેમનું શબ્દસહ પ્રસ્થાપન કરવામાં આવ્યું છે. જેનો આપણે ગહનતાભર્યો વિગતે અભ્યાસ કરીએ.

૧. કથાસાર:

‘અરણ્યનો અધિકાર’ નવલકથામાં આદિવાસી સમાજ અને સંસ્કૃતિની તપાસ કરતાં મુંડા આદિવાસી સમાજ અરણ્યના અધિકાર માટે અંગ્રેજો સામે લડત ચલાવે છે. બીરસામુંડા અરણ્યનો અધિકાર ચાહતો હતો. કારણ કે દિકુઓએ અરણ્ય પર કબજો મેળવ્યો હતો. અનેક વર્ષો પહેલાં બીરસાના પરદાદાનાય પરદાદા આવ્યા

હતા. ઘર બાંધવાને ઠેકાણું ખોળતાં ખોળતાં ત્યારે ઝાડ, જંગલ, જમીન, પડતર પડ્યાં હતાં એ બે ભાઈઓએ ચુટિયા હરમ અને નાગુએ - ચુટિયા ગામ વસાવ્યું હતું. બે ભાઈઓના નામ પરથી વખત જતાં એ પ્રદેશનું નામ પડ્યું હતું, છોટાનાગપુર.

ખાવા માટે મુંડાઓ પાસે ચોખા નહોતા મીઠા વિનાનો ઘાટો ખાવો પડતો મીઠું અને ચોખા મળે તો તેમના જીવનમાં સ્વર્ગ ઊતરી આવે. દિકુઓ તેમનું શોષણ કરતા જ રહ્યા. તેમેન તો વેઠ કરવાની હતી. ફાટલાં વસ્ત્રો પહેરતાં તેમના જ અરણ્યથી તેઓ વંચિત હતા. દુષ્કાળ પડતો, ત્યારે ખ્રિસ્તી બનતાં વળી મિશન છોડતાં ચાઈબાસાના મિશનનો સ્પર્શ બિરસાના જીવનને જુદો જ પંથ દેખાડે છે. હવે ચાલકાડ પાછા ફરેલા બીરસાના લોહીમાં બેઠું અરણ્ય વાત કરે છે. બીરસા તે સાંભળે છે. જાણે છોટાનાગપુરની પૃથ્વી, તેનું લોહી નદીની ધાર, એ નદીને તીરે એની અરણ્યકા મા નગ્નદેહ યુવતિ મુંડારી સ્ત્રી જાણે, આ કોણે તને નગ્ન કરી, પૂછતો બિરસા કહે છે તારી લાજ હું ઢાંકી દઈશ અનેક કન્ટોની આગાહી અરણ્યકા કરે છે પણ બીરસાની તે માટેય તૈયારી છે એટલે તો તારે ભગવાન બનવું પડશે. મુંડાઓનો, આદિવાસીઓનો ભગવાન. નેતા અલૌકિક સામર્થ્ય ધરાવતી વ્યક્તિ તે બને છે.

આદિવાસીઓ પોતાના હાથોમાં ધનુષબાણ લઈને માથે પીળો સાફો બાંધીને મરણિયા જંગ માટે નીકળી પડ્યા. તેઓ અંગ્રેજોની ગોળીનો જવાબ પોતાના તીરકામઠાથી આપવા લાગ્યા. ચારેબાજુ હાહાકાર મચી ગયો. આ જોઈ અંગ્રેજો કહેવા લાગ્યા કે બિરસાને માર્યા સિવાય બીજો કોઈ રસ્તો નથી. જ્યાં સુધી આ જીવતો રહેશે ત્યાં સુધી આદિવાસીઓ આપણને ધૂળ ચટાડતા રહેશે. આદિવાસીઓ નારેબાજીનાં સૂત્રોમાં અબુઆ રાજ એટે જના, રાની રાજ ટુડું જના. આવા ઈન્કલાબી સૂત્રો પોકારવા લાગ્યા. બીરસાએ સિંહનાદ કરતા કહ્યું કે આદિવાસી ભાઈ-બહેનો આ આપણું ધર્મયુદ્ધ છે. બધાં પોત-પોતાના ઘરોમાંથી બહાર આવો અને મુઠ્ઠીભર અંગ્રેજોની શાનને ધૂળધાણી કરી નાખો.

ડાંગર, ઘઉં, બાજરો અને તુવર વગેરે પાકોની ખેતી કરતા જોવા મળે છે. તેમની સભ્યતા સંસ્કૃતિમાં અરણ્યનો અધિકાર માટેનાં લોકગીતોની ઝલક જોવા મળે છે. વાણી વ્યવહારમાં પ્રયોજાતા રૂઢિપ્રયોગો, કહેવતો અને બોલીની ઝલક જોવા મળે છે.

૨. પ્રાદેશિક પરિચય:

'અરણ્યનો અધિકાર' નવલકથામાં મુંડા આદિવાસી સમાજનો પ્રદેશ પરિચયની વાત કરીએ તો તે સમયના બિહાર રાજ્યના છોટાનાગપુર વિસ્તારના

ઝારખંડ ક્ષેત્રની અત્યંત પછાત અને ડુંગરાળ પ્રદેશમાં ઊલિહાતું ગામ એ બીરસામુંડાનું ગામ અને એની આજુબાજુના ડુંગરાળ વિસ્તારમાં બીજા ગામો જેવાં કે બાસિયા, સિસાઈ, લોહારડાગા, તોરપા, કરા, ખુનટી, મુરહું, તામાર, બુનહું, સોનાહાતુ, જોરહાટ, જિલિત-સેરેત, કોનતેયા, ચારારી, નાગફેણી, પાલકોટ તિરલા જાનિહાતું, ચાતરાદિ, કુસુમટોલી, દિમબુકેલ, કામરા, પિપિ, દોરમા, ગોરાઈદી, બિચાકુટી, કારિકા, કોટગરા, ખુટખાંટ્ટી ચુટિયા, તિલમા, તામાર ચોલકાડ, ગયા, છાપરા, આરા ભાગલપુર, તિરહુત કુડી-બરતોલી ખાટાંગા, બંદગાવ, ચાઈબાસા, બંદગાવ વગેરે ગામોમાં મુંડા આદિવાસી સમાજનું રહેઠાણ છે.

૩. આદિવાસી સમાજ:

કૃષ્ણ ભારતનાં સંતાન એટલે મુંડાઓ. મુંડાઓ માટે 'અરણ્યનો અધિકાર' જેવો આદિમ યુગમાં હતો તેવો જોઈતો હતો. ખુટકાટ્ટી ગ્રામ્ય-વ્યવસ્થા જોઈએ છે. જીવવા માટે સારી રીતે જીવવા માટેનો ઉપાય જોઈતો હતો. એકલો બીરસા જ તેમને પ્રાચીન જડતા અંધ કુસંસ્કારોમાંથી મુંડાઓને મુક્ત કરી એ આજની પૃથ્વી પર, વર્તમાન સમયમાં એમને આણવા ચાહતો હતો. એક એવું 'વર્તમાન' રચવા માગતો હતો કે એ 'વર્તમાન'માં અંગ્રેજોએ તૈયાર કરેલો સમાજ કે શાસન ન હોય.

એમનો સમાજ પુરુષ-શાસિત નથી. તેઓ સ્ત્રી-પુરુષો સરખું કામ કરી, પરિશ્રમ કરે, સરખી આવક કમાય, કમાણી કરે, સરખું સન્માન પામે, માનું સન્માન મુંડા સમાજમાં ખૂબ જ ઊંચું. આમ, અહીં મુંડા આદિવાસી સમાજમાં મૂલ્યો પણ પ્રસ્થાપિત થયેલાં જોવા મળે છે.

૩.૧ આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ:

મુંડા આદિવાસી સમાજના આંતરિક સ્વરૂપ વિશેનો સંદર્ભ જોઈએ કે, “જો હું તો વહુને મારું પણ કેટલી! પીટી નાખું પણ વહુ એક અક્ષરે ન બોલે” જેમાં પુરુષ સ્ત્રીને ક્યારેક મારે છે જે સુધારા કરવા જેવી બાબત છે. ક્યારેક ગાળાગાળી પણ કરે છે. જે મુંડા આદિવાસી સમાજનું આંતરિક અને બળકું પાસું જોવા મળે છે.

૩.૨ આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર:

આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેના વ્યવહારની છણાવટ કરતાં જણાય છે કે દિકુઓ મુંડાઓ પાસેથી સેવક પટ્ટો લખાવીને, અંગૂઠાની છાપ પડાવીને જમીનો હડપ કરતા હતા. જમીનદારો પણ તેમને કાવતરું કરીને ફસાવતા હતા. અંગ્રેજો પણ આદિવાસી સમાજ વિરોધી શોષણકારી બની જંગલો જમીનો પડાવીને તેમને ગુલામ બનાવવાનું ષડયંત્ર બનાવે છે. આમ, મુંડા

આદિવાસી સમાજનો અન્ય સમાજ થકી શોષણકારી નીતિનો વ્યવહાર જોવા મળે છે.

૪. આદિવાસી સંસ્કૃતિ:

આદિવાસી સંસ્કૃતિને સમજવા નીચે મુજબના વિભાગો પાડવામાં આવે છે:

૪.૧ ખેતી અને જમીન વિષયક ગતિવિધિ:

ખેતી અને જમીન વિષયક ગતિવિધિની વાત કરતાં બીરસાના વંશના આદિ પુરુષોએ છોટાનાગપુર વસાવ્યું પણ રાજા થયો બીજો. એ રાજા અને બહારના લોકોએ આવીને આદિવાસી સમાજનાં જમીન, જંગલ છીનવી લીધાં હતાં. છોટાનાગપુરનો ટેનિયાર કાયદો કહે છે, જેની જમીન હોય તે રાખી શકે. આદિમ સમાજના લોકો કહે છે કે આમાંનાં ખુટકાટ્ટી ગામો અમને પાછાં આપો. ખુટકાટ્ટી ગામ નામે કંઈ છે ખરું? નાં તો પછી જે નથી તે શી રીતે પાછું મળે? નથી શું કામ? દિકુઓએ લઈ લીધાં છે એટલે નથી. આમ, દિકુઓએ આદિમ સમાજની જમીન હડપ કરતા જોવા મળે છે અને જે એમની પાસે થોડી જમીન છે તેમાં એ લોકો જવ, બાજરો, ડાંગર, તુવર, મકાઈ જેવાં પાકો કરતા જોવા મળે છે અને એમાંથી પણ સૈનિકો અંગ્રેજો કર પેટે લઈ જાય છે. પોતાની જમીનમાં માલિક બીજા અને પોતાને હાડમારીભર્યું જીવન વિતાવે છે.

૪.૨ સામાજિક ગતિવિધિ:

મુંડા આદિવાસી સમાજમાં સામાજિક ગતિવિધિની વાત કરતાં લગ્ન વિશેની ઝાંખી કરવામાં આવી છે. "કનુ પર તો પરમીનો જીવ કે દિ'નો છે. જ્યારે આવડીક હતી ત્યારથી કેતી'તી હું અને કનુ જોડે આરાંદી(લગન) કરીશ. એણે ચોખ્ખું કહી દીધું, જા, જા, હું કનુ વિના કોઈને નથી ચાહતી. કનુ મારા મનનો મનગમતો માણસ" આમ, અહીં પોતાના મનગમતા જીવનસાથી સાથે લગ્ન કરવા માગે છે જે સમાજની સામાજિક ગતિવિધિ પ્રતિબિંબિત થતી જોવા મળે છે.

૪.3 આર્થિક ગતિવિધિ:

મુંડા આદિવાસી સમાજની આર્થિક પરિસ્થિતિની વાત કરીએ તો મુંડાઓના હાથમાંથી મહાજનોએ ખુટખાટ્ટી ગામો લઈ લીધાં હતાં. જેમનાં ગામ હતાં એમને ખેતમજૂર તરીકે પણ કામે ન રાખ્યા તેથી ખેતમજૂરીની શોધમાં સુગાના પણ કુરુમ્બદા તો કાલે ગાય ચરાવવાના કામની ખોજમાં બામ્બા એમ રખડવા માંડ્યો.

આડતિયો તો વરસે વરસે આવી ચાના બગીચા માટે કુલીકામ કરવાથી ઘણા બધા રૂપિયા મળે એવી લાલચ દેખાડી મુંડાઓને મંજૂરી માટે લઈ જાય છે. આમ, આદિવાસી સમાજમાં આર્થિક ઉપાર્જનના સ્ત્રોતો નહિવત્ છે. મંજૂરી માટે આમતેમ ભટકવા પડે છે.

૪.૪ સાંસ્કૃતિક ગતિવિધિ:

આદિવાસી સમાજની સંસ્કૃતિઓ તાગ મેળવવા નીચે પ્રમાણેના મુદ્દાઓમાં વિભાજન કરવામાં આવ્યું છે:

૪.૪.૧ સાંસ્કૃતિક ગતિવિધિ:

મુંડા આદિવાસી સમાજના લોકગીતોની ઝલક આ પ્રમાણે જોવા મળે છે:

“વનમાં ચાલકાડ ગામે ધરતી. આખાનો જન્મ હો” - વળી

“સૂર્ય જેવો ચાલકાડમાં ઊગ્યો છે બીરસા” - વળી

“તારી કથા સાંભળીશ કહીને આવ્યો છું હું ચાલકાડ” - વળી

“દિનરાત ધરતી આખા ગાન ગાય! પહાડવનને ખોળે”

“ચાલકાડ જાંઈ ચલો - જ્યાં ધરતી-આખા ગાન ગાય.”

ધરતી - આખા ભગવાન બીરસા મુંડાના જનમ માટે લોકગીતો રચાયાં છે. જેમાં ચાલકાડમાં ધરતી - આખાનો જન્મ, ચાલકાડમાં સૂર્ય જેવો ઊગ્યો છે. બીરસા પહાડને ખોળે દિનરાત ગીત ગાય છે. ધરતી - આખા. આમ બીરસાનો જન્મ મુંડા આદિવાસી સમાજ માટે ખૂબ જ આનંદ અને ગૌરવની લાગણીભર્યા ગીતો રચવામાં આવ્યાં છે.

૪.૪.૨ ઉત્સવો:

મુંડા આદિવાસી સમાજમાં હોળીના તહેવારમાં સ્ત્રીઓ વાળમાં ફૂલ ખોસતાં, પુરુષો વાળમાં કાંસકી ખોસતાં, કાનમાં ઘરેણું પહેરીને સ્ત્રીઓ અને પુરુષો કેટલું નાચતા હોળીમાં 'જાપી' નાચગાન કરતા, પૌષી પૂર્ણિમાનો 'માંગે' ઉત્સવ ઘરમાં વાસ્તુદેવતા, પિતૃ-પુરુષ બધાને આર્ય દેવાનું બા - પર્વ ઊજવતા, બધા જ પર્વમાં બોંગા-બોંગીની પૂજા બલિદાન હાંડિયા દારૂ પીવાનો અને નાચવાનું, કરમ પૂજાનો નાચ, 'પાઈકા' નાચ તહા 'સરના' ખૂબ પ્રખ્યાત 'સરના' એટલે કે પવિત્ર વન. એ વનમાં મુંડાઓ ખાસ ખાસ દિવસે આવીને રૂઠેલા દેવતાઓના નિમિત્તે બલિદાન આપે. આમ, મુંડા આદિવાસી સમાજ ઉત્સવોમાં દારૂ પીતાં, દેવોને બલિદાન (ભોગ) ચડાવતા અને નાચ ગાન કરે તહેવારો મનાવતા હતા.

૪.૪.૩ રીતરિવાજો:

મુંડા આદિવાસી સમાજના રિવાજોમાં જોતાં વરસાદ અને ખેતી નથી માટે સિંગબોંગાના થાનક પર મરઘીનું બલિદાન દેવાયું. ફરી પહાન લોહી ભરેલી દોણી લઈ, અંધારામાં દોડીને સુકાયેલા કૂવામાં, નદીના સૂકા રેતાળ પટમાં જઈને ઢોળી આવ્યો. આમ, અહીં વરસાદ ખેતી નથી. માટે દેવોને મરઘીનું બલિદાન, મરઘીનો ભોગ ચડાવવાનો રિવાજ જોવા મળે છે.

૪.૪.૪ પોશાક:

મુંડા આદિવાસી સમાજના પહેરણની વિશેષતા જોતાં માથે પાઘડી અંગે ધોતલી, લંગોટી, પોતડી, સાડલો, ધોતિયું, ગમછો વગેરેનો પોશાક પહેરતા જોવા મળે છે.

૪.૪.૫ વ્યસન અને ટેવો:

મુંડા આદિવાસી સમાજમાં મહુઆ, તાડી-હાંડીયા વગેરેનો નશો કરતા જોવા મળે છે. ક્યારેક ગાળાગાળી કરવાની ટેવ જે આંતરિક પાસામાં પ્રગટ થાય છે.

૪.૪.૬ રહેઠાણ:

મુંડા આદિવાસી સમાજનું રહેઠાણ એટલે જંગલમાં લાકડાં, પાંદડાં, વાંસ, વાડની દીવાલ કરી છાપરું બનાવતા લીંપીગૂંપીને ઝૂંપડું તૈયાર કરતાં ઘરની આગળ આંગણું બનાવતા આમ આદિવાસે સમાજની રહેઠાણની વિશેષતા જોવા મળે છે.

૪.૪.૭ ખાણીપીણી:

મુંડા આદિવાસી સમાજના ખોરાકમાં જંગલમાંથી મળતાં કંદ, મીઠાં બોર, ખાટાંતૂરાં આમળાં, જંગલી મૂળ, માંસલ સસલું, શાહુડીનું માંસ વઘારેલા જવ,

તેતરનું માંસ, જંગલી ગલકાનું શાક, ઘઉંનો ખીચ, વનનાં મૂળિયાં, મધ, વનનાં હરણ, સસલાં-પંખીનું માંસ, કરમદાં, મકાઈનું છાતું, વાંસ કુમળા, સકરકંદ-બટાટા, બીલ્લાં, અળવી, બકરી-ગાયનું દૂધ, ચીના દાણા, આખાં મસૂર, જંગલી વાલ, ચોખાના દાણા, ચીના ઘાસના દાણાનો ઘાટો... આમ, મુંડાઓ માત્ર ઘાટાનો ખોરાક જ ખાવા પામે તેથી ભાત મળે એ એમના માટે સ્વપ્ન જ બની રહે છે તથા મહુડીના બીમાંથી મળતા તેલનો ઉપયોગ ખોરાકમાં કરતા. આમ મુંડા આદિવાસી સમાજ જે મળે તે ખાઈને રાજી રહે છે.

૪.૪.૮ અંધશ્રદ્ધા :

મુંડા આદિવાસી સમાજમાં અંધશ્રદ્ધાનો ઓછાયો પડેલો જોવા મળે છે. જેનો નવલકથા સંદર્ભ ટાંકીએ. હરમું ઓછા ડરતો હતો. ચિરકાળ મુંડાઓને ભૂતે પકડ્યા છે. ડાકણે નજર નાખી છે. રાત્રુએ બાણ માર્યા છે. ચિરકાળ એ લોકો હરમું ઓઝા (ભૂવા) પાસે આવ્યા છે. હરમું ઓઝાએ ચોખા, મુર્ગી, બકરાં લીધા છે. ડાકણટ્રમણ, દોરાધાગા, યાગ-યજ્ઞ કર્યા છે. ડાકણ પણ એ પકડી શકે. ડાકણો ક્યારેક કાળી બિલાડી તો ક્યારેક અંગૂઠા જેવડા માણસનું રૂપ લઈને મુંડાઓના ઘરમાં ઘૂસી ઊંઘતા માણસ પર થૂંકી દે. પછી એ માણસ મરે જ મરે. કોણ ડાણક છે, કોણ

આવી રીતે બીજાનું આયુષ્ય ચોરી પોતાનું આયુષ્ય વધારે છે એ બધું બીરસાનો માસો જ કહી શકે.

ભારે પગે સ્ત્રી જો સાંજને ટાણે રડે તો ડાકણ વાયુ-પવનરૂપે પેટમાં પેસી જઈ છોકરાને નુકસાન કરે.

આમ, મુંડા આદિવાસી સમાજ ભૂત-ડાકણમાં માને છે. એને કાઢવા માટે ભૂવા પાસે જવું પડે છે. ભૂવો એને કાઢવા માટે દોરા-ધાગા યાગ-યજ્ઞ કરે છે. ચોખા-મુર્ગી-બકરાનો ભોગ ચડાવવો પડે છે. આમ, મુંડા આદિવાસી સમાજમાં અંધશ્રદ્ધાની ઊંડી ખાઈ પડેલી જોવા મળે છે.

૫. ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિ:

ભાષાસંદર્ભે આદિવાસી સંસ્કૃતિને સમજવા નીચે પ્રમાણેના મુદ્દાઓમાં વિભાજિત કરવામાં આવી છે:

૫.૧ રૂઢિપ્રયોગો :

મુંડા આદિવાસી સમાજમાં રૂઢિપ્રયોગોનો વ્યવહારમાં થતો પ્રયોગ જોવા મળે છે. જે નીચે પ્રમાણે છે:

૧) આઠસો અઠયાસી ચાંદ વટાવી જવું (પૃ. ૪૨)

૨) મૂછે તાવ દેવો (પૃ. ૧૯૯)

૩) ધૂળ ભેગા થઈ જવું (પૃ. ૧૯૯)

૪)　ચાંદ પાર કરવું (પૃ. ૨૧૪)

૫)　દિ' વળવો (પૃ. ૨૩૦)

આમ, મુંડા સમાજમાં રૂઢિપ્રયોગો વાણી વ્યવહારમાં વણાયેલા જોવા મળે છે.

૫.૨ કહેવતો:

મુંડા આદિવાસી સમાજમાં કહેવાતી કહેવતો નીચે પ્રમાણે છે:

૧)　સંસાર તો જાણે ફાટેલા ચીંથરા કે ગાભા જેવો (પૃ. ૪૦)

૨)　એક બાજુ સાંધો ત્યાં બીજી બાજુ ફાટે (પૃ. ૪૦)

આમ, મુંડા સમાજમાં કહેવાતી કહેવતો જોવા મળે છે.

૫.૩ બોલી:

મુંડા આદિવાસી સમાજમાં બોલાતી બોલીનો સંદર્ભ ટાંકીએ. 'હેન્દે રાનબ્રા કેચે કેચે! પુનડી રાનબ્રા કેચે કેચે' એટલે શું? કાળા ક્રિશ્ચનોને કાપી નાખો, ગોરા ક્રિશ્ચનોને કાપી નાખો. "સામારે હિજુલે નાકો માર ગોયે કોપે!" અમારે ત્યાં સાંભર હરણ આવ્યાં છે.

આમ, મુંડા આદિવાસી સમાજમાં બોલાતી બોલીનો કથામાં સમન્વય થયેલો જોવા મળે છે.

૬. આદિવાસી સંસ્કૃતિ સંદર્ભે કૃતિની સીમિતતા:

આદિવાસી સંસ્કૃતિ સંદર્ભે કૃતિનું અવલોકન કરતાં કેટલાક શબ્દોમાં મુદ્રણમાં અશુદ્ધિ રહી ગઈ હોય તેવું લાગે છે.

અશુદ્ધ શબ્દો		શુદ્ધ શબ્દો
૧) વરાવી	-	વળાવી
૨) ડાંખળાં	-	ડાંળખાં
૩) જોગી	-	જાગી
૪) ઝડો	-	ઝંડો

અને કૃતિને અંતે સમાજ-સંસ્કૃતિમાં વણાયેલા શબ્દોની સમજ આપવામાં આવી હોય તો ભાવકને વધારે સહજતાથી એનું ઊંડાણભર્યું અધ્યયન કરી શકે.

૭. ઉપસંહાર:

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'અરણ્યનો અધિકાર' નવલકથાનો અભ્યાસ કરતાં મુંડા આદિવાસી સમાજ 'અરણ્યના અધિકાર' માટે લડત ચલાવે છે. જે વર્ષોથી જળ, જંગલ, જમીન તેમના બાપદાદાએ વસાવ્યું હતું. તે જંગલો, ખેતરો ઉપર અંગ્રેજ સરકાર આવીને હક જમાવી લે છે. તે પાછું મેળવવા આદિવાસી સમાજ અને બીરસામુંડા જે આદિવાસીઓનો ભગવાન-નેતા છે તેમણે ખૂબ જ હિંમતપૂર્વક અંગ્રેજો સામે લડાઈ ચલાવે છે. પરંતુ અંગ્રેજોની બંદૂક સામે

તેમના તીરકામઠાં લાંબો સમય ટકી શકતા નથી. બીરસાને અંગ્રેજોએ કાવતરું-ષડયંત્ર રચીને જેલમાં પૂરી તેમને ઈરાદાપૂર્વક મારી નાખવામાં આવે છે. છતાં આદિવાસી સમાજનો વિશ્વાસ અમર છે. ભગવાનને મરણ નથી. ઉલગુલાન ઉલગુલાનનો સૂર ગાજ્યા કરે છે. આ નવલકથાનું કથાવસ્તુ છે.

આદિવાસી સમાજ જંગલ અને અરણ્યની આજુબાજુના ગામોમાં ઝૂંપડામાં તેમનું રહેઠાણ. મુંડા આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપમાં ક્યાંકને ક્યાંક ગાળો પણ અપાય છે. ખેતી અને જમીન અંગ્રેજોએ, દિકુઓએ હડપ કરી લીધી છે. આર્થિક પાસુ નબળું છે. બીરસાના જન્મનાં લોકગીતોની રમઝટ જોવા મળે છે. ફાટેલાં તૂટેલાં વસ્ત્રો અને ક્યારેક ક્યારેક પાંદડાં પણ વીંટવા પડતાં હોય છે. જંગલમાં મળતી વસ્તુઓ ઝાડ-પાન, ફૂલ, માંસ, મધ જે મળતું તે ખાઈને રાજી રહેતાં મુંડા આદિવાસી સમાજમાં અંધશ્રદ્ધાનું બીજ વવાયેલું જોવા મળે છે. જે સુધારાત્મક બાબત છે.

મુંડા આદિવાસી સમાજમાં વાણી-વ્યવહારમાં પ્રયોજાતા રૂઢિપ્રયોગો અને કહેવતો બોલીનો પણ સંદર્ભ ટાંકવામાં આવ્યો છે. આમ કૃતિને આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે મૂલવવામાં આવી છે.

સંદર્ભસૂચિ :

૧) દેવીમહાશ્વેતા, અરણ્યનો અધિકાર, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. ફેબ્રુ. ૧૯૮૫

૨) વ્યથિત જયસિંહ, ભગવાન બિરસા મુંડા, ઑનેસ્ટ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ઑગસ્ટ ૨૦૧૨

●